લાલ દીવો



અજાન કેરી આગગાડી આંખ મીંચી દોડશે.
કંઈ ફિકર કેરાં બાળ મૂકી જીવનધારી નાસશે.

લાલ દીવો

અથવા

ભાગ્યહીન ભિખારણ.

લેખક

શિક્ષક—ખંડેરાવ માનાજી પવાર

પ્રકાશક

"ગુજરાતી" સાહિત્ય મંદિર

જેકીશનદાસ ત્રિભુવનદાસ પટેલ

સલાબતપુરા—સુરત.

આવૃત્તી ૩ જી. પ્રત ૨૦૦૦.

સુરત—બરાનપુરી ભાગળ ઉપર આવેલા શ્રી "અનાવિલ"
પ્રિન્ટીંગ પ્રેસમાં રઘુનાથ ઇચ્છુભાઈ દેસાઈએ છાપ્યું.

[redacted] અતિ લોકપ્રિય [redacted]

ભાગ ૧-૨ 3-૪-૫

ગુજરાતી ગાયનમાળા.

કીંમત દરેકના છ આના.

મળવાનું ઠેકાણું:—

"ગુજરાતી" સાહિત્ય મંદિર.

સલાબતપુરા—સુરત.

તથા

સર્વ પ્રસિદ્ધ બુકસેલરો.

લાલ દીવો.

હરિગીત.

ભિખારણઃ—

નાદાની રોળી રમતમાં ભોળી જુવાની જારીમાં,
થડપણ મહીં તડફડયા કરે છે મોતની મહામારીમાં.
રે ઝેરી ખંજર ઝઝુમતું યમદુતનું સૌ શિર પરે,
ઓ આ પડયું, આ પડયું, કે, પણ માર્ગના સાચો ધરે. ૧

જાલીમ જુવાની જારીનો જે જંગી જંગ જગાવતી,
તન મન અને ધન ભસ્મ કરીને ઝાર ઝાર રડાવતી.
જે સમય આએ સમયને એ સમય ક્રૂર અસુર છે
છે સમય વિજયી કોક જેમાં શૂરનૂર ભરપુર છે. ૨

સંસારીઓના માર્ગમાં છે ખતાના ખાડા ઘણા,
ત્યાં ઠોકરાઇ સુધરતા શાણા જનો દુનીયા તણા,
ઉપદેશ રૂપી લાલ દીવો છે જુવાની કારણે,
ના ચેતશો તો અંતમાં તાળાં વસાશે બારણે. ૩

અજ્ઞાન કેરી આગગાડી આંખ મીંચી દોડશે,
કંઈ હિંદ કેરાં બાળ છુંદી જીવન દોરી તોડશે,
આ ભય સૂચવતો લાલ દીવો અંધ થઈ જાળે નહિ
કરીને અનર્થો આરમા દુઃખના ડુંગર ખાળે નહિ. ૪

એક સ્ત્રી:—

" ઉપદેશ રૂપી લાલ દીવો " સાંભળી વિસ્મય થઇ,
સૌ કામને પડતાં મૂકી હું બારણે આવી રહી.
ઉભી ભિખારણ આંગણે એ કરૂણ ગીત ગાતી હતી,
નિજ અશ્રુની ધારા વતી ભર ઉનાળે ન્હાતી હતી. ૫

ફાટાં તુટાં વસ્ત્રો હતાં ને જીગર પણ ફાટયું હતું,
એ ફાટીફાટી આંખ માંહે સ્પષ્ટ જોવાતું હતું,
કરઅંગુલી ઝાલી ભિખારણ બાળ સંગે ચાલતો,
નિજ માત રડતી ભાળીને તે ઉપણ આંસુ ઢાળતો. ૬

તે બાળ કેરા હૃદયમાં ના મા ગમાં જખમો હતાં,
પણ એક લોહી સાબિતીનાં ચિન્હ સૌ જાગૃત થતાં,
દળદર માહીં ડુબી છતાં કાંતિ અસલની ઓપતી,
જો મેઘ માળા ચંદ્ર છુપવે પણ કળા ના લોપતી. ૭

સુતમાત રડતાં ભાળીને દીનદાઝ અંતરમાં ધરી,
મેં પાણી પાયું શીતળું પરસાળમાં લાવી કરી,
ભૂખ્યાં હતાં સુતમાત બે. સંતોષી ભુંડી ભૂખને
કયાંથી રૂઝાવું બાઇનાં તાજાં જખમનાં દુઃખને ? ૮

દુઃખ જાણવા તે બાઇનાં આગ્રહ અતિશય મેં કર્યો,
શરમાઇને તે બાઇએ નાકારનો પડદો ધર્યો.

તે જાણુવા મેં હઠ કરી તવ બાઇ મુખથી ઉચરી.
" રે ! વાત મારી સાંભળી ધિક્કારશો કરશો પરી ૮

હુ પાપિણીના અંગમાં વિષપાપનો સંપર્ક છે,
હિન ભાગિની જીવતાં જીવતરે ! નર્ક માંહે ગર્ક છે "
હું શાંત વાણી ઉચરી કાંઈ વિમાસણુ ના ધરો,
મનમહીંથી ભય પરહરો મનવાતને સાદર કરો. ૯

ભિખારણ:—

બ્રાહ્મણુ તણી હું બેટડી ગુજરાત ભૂમિ નામ છે.
મુજ જાતને જનની જમીનનાં નામ તેવાં કામ છે.
માબાપનું મુખ જોયું ના સુખ તેમનું કયાંથી મળ્યું
કો ઝોળીનાં દુખીઆં કદી સુખીઆં થયાંનું સાંભળ્યું ? ૧૦

હું શ્વસુરગૃહે ઉછરી તે વિણુ સગું નહોતુ છતું,
મેં નજર નાખી ન્યાળી જોયું જગત સાસરીયું હતું ?
સૌ શાણુપણુમાં શૂર સાસુ શ્વસુર સુર સુરલોકનો.
મુજ નણંદના નખરાં નવાં ને પતિ પાપી પેટનો ૧૧

રે ! પતિ સંગે પતિસુખ હું પરાણે પામી નહિ !
અમ હૃદય કેરી શૃંખલા રે ! પરસ્પર જામી નહિ !
વરસો વીત્યાં દશબાર પણુ સંતાન મુખ જોયું નહિ
બદનામ ચોંટયું વાંઝણીનું દુ:ખ હરે ખોયું નહિ. ૧૨

કો વાંઝણી નિજ પતિપ્રેમે આત્મ દુઃખ વિસારતી,
સ્થિતિ વિચારી લક્ષ્મીની આનંદ મન વિસ્તારતી.
હું દીનહીનને જ્ઞાન ના કંઈ ભજન ભક્તિ ધ્યાન ના
સંસારનું પણ ભાન ના બે કાન પણ કંઈ સાન ના ૧૩

મુજ સ્વામીનો જીવલગ સખા વાચાળને વરણાગીઓ
સંગીતમાં પૂરો કુશળ અમ સુખ દુઃખનો ભાગીઓ
વળી તાન ટપ્પામાં પતિને વશ કરી લીધા હતા,
બે એક માના પુત્ર પેઠે કામ સૌ કીધાં હતાં. ૧૪

તે બોલવા મથતો બહુ પણ બોલ હું ના વાળતી
„પર પુરૂષ સાથે વાત શી ?” સ્ત્રી ધર્મ એવો પાળતી
મમ દૈવયોગે મહાવ્યાધિ ઘર કરી મુજમાં રહ્યો.
નવ માસ પાથરણે પડી પરિતાપ મેં અનહદ રહ્યો ૧૫

બહુ ખંત રાખી દવાદારૂ “ **મિત્ર** ” મુજ પતિનો કરે,
ચિંતા અધિક સૌથી કરે ને જાગરણથી ના ડરે.
ઉપકાર પણ વધતો ગયો મમ શરમ પણ છુટતી ગઈ
ઉપકાર તેના મમ હૃદયમાં પ્રેમથી ઘુંટતી થઈ. ૧૬

સુખ માગતા મૃત્યુ મળે ના ટાંક વિધિની ના ટળે,
જગવાયરા જો હોય બાકી જીવન દોરી કાં બળે ?
સાસુ તણું સુખ ભાગ્યમાં ના મરણને તે શરણ થઈ
બહુ કનડગત કરનાર નણદલ સાસરે તેને ગઈ. ૧૭

જવ ઘર પડ્યું મારે શિરે સુખની ઘડી નજરે પડી
મૃગજળ સમી દીઠી ન દીઠી દુ:ખ ઘડી આવી ચડી
સૌભાગ્ય સુરજ સ્વામી મારા સ્વર્ગમાં સીધાવીઆ
લુખાસુકા મમ ભોગ ભૂંડા ભાવિને નવ ભાવીઆ. ૧૮

મમ કર્મભોગે શ્વસુર કંઈ સરકારી કામે દુર ગયા
ઘર સોંપી મુજને મિત્રને દસબાર દી અળગા થયા.
એ મિત્ર પતિનો આવીને બેચાર દિનમાં મળી જતો.
આનંદ વાત સુણાવીને નિજ કામ ભેળો ભળી જતો. ૧૯

જ્યાં ખેલ નામાંકિત થતો શીરીં અને ફરહાદનો
નર નારીઓ જોવા જતાં નટ, નૃત્ય, ગાયન, વાદનો
ટોળે મળે જ્યાં નારીઓ ત્યાં બ્યાન નાટકનું કરે,
સુણીને પ્રશંસા તેમની જોવા બીજીએ સંચરે. ૨૦

લાગી લગન જોવા તણી પણ વાત કો આગળ કરૂં
સૂનું મૂકી ઘર રાતના કઈ બાઈ સંગે સંચરૂં ?
જવ મિત્ર પતિનો આવીયો વાતો ઉકેલી અવનવી,
થઇ વાત પરથી વાત તે શીરીં અને ફરહાદની ૨૧

સહુ વાતમાં ને વાતમાં મરજી મમ જાણી લીધી,
તે નવીન નાટક પેખવા ઉશ્કેરણી ભારે કીધી.
'પર પુરૂષ કેરા સંગમાં અબળા અકેલી જાય ના
જો હૃદય હોયે શુદ્ધ તોએ જગ વિરૂદ્ધ વર્તાય ના' ૨૨

ગઈ એમ આનાકાની કરતાં મિત્ર સંગે કંઈ ઘડી,
ગાળી, છતાં ટાળી શકી ના, વાંછના અંતે નડી !
મન રહ્યું ના મમ કાબુમાં, જોવાતણો નિશ્ચય કર્યો,
પર પુરૂષ સાથે કેમ જાવું એજ મન ખટકો રહ્યો ૨૩

લેવા પુરૂષનો વેષ મુજને મિત્રએ આગ્રહ કર્યો,
અબળા છતાં પ્રબળા બની મેં સ્વાંગ મર્દનો આદર્યો
લઇ ધોતીયું હીરકાનીનું બંડી બદન લીધાં સજી
દુનિયા વિરૂદ્ધ મેં વર્તવાને શરમને દીધી તજી ૨૪

ડગલો સજ્યો મેં અંગ પર ને ગળે ખેસ વિંટાળીઓ
ફેંટો લપેટી શિર ઉપર મેં લોકભયને ખાળિયો.
રજની હતી કાળી વળી મમ કૃત્ય પણ કાળાં હતાં
રે ! અષ્ટ અંગે હૃદય સંગે કંપના ચાળા હતા. ૨૫

પણ અંતરાત્મા બોધ મારા મન મહીં ના ઉતરે !
હિત સુચના આત્મા તણી માને જનો ભવજલ તરે
મન મારવા બદલે અરે ! મેં અંતરાત્મા મારીયો !
મેં પુરૂષ વેશે મિત્ર સંગે બારણે પગ કાઢીયો. ૨૬

અંધારી રાતે પુરૂષ ઠાઠે મિત્ર સાથે હું ગઈ,
અમ ઉભય બેઠાં સાથસાથે પ્રેક્ષકો ભેગાં જઈ.
આશક હતો શીરીં ઉપર ફરહાદ પુરા પ્રેમથી,
સ્વાધીન કરવા શીરીંને ડુંગર ખણ્યો વીર નેમથી. ૨૭

શ્રમને સહ્યાં કષ્ટો ખમ્યાં, ઘા વેઠીયા પ્રિય કારણે,
પ્રિયમિલનની લાગી લગ્ન સોંપ્યું જીવન યમ પારણે,
મુખથી શીરીં રટતો હતો ગિરિકિકરો ખણતો હતો.
પાષાણગિરિનો ભંગ કરીને પ્રેમગિરિ ચણતો હતો. ૨૮

સત્પ્રેમગિરિની દિવ્યતા જોઈ શીરીં અંજાઈ ગઈ !
પલમાં પતંગની પેઠ પ્રેમી પ્રેમ પર પલટાઈ ગઈ !
મળવા ન પામ્યો શીરીંને ફરહાદ અંતિમ પળ લગી !
પ્રિય પામવા બસ પ્રેમ ખાતર પ્રાણ આહુતિ દીધી ! ૨૯

થઈ પ્રેમવશ ગઈ પ્રેમદા ત્યાગી અમીરી પલકમાં,
અતિ મસ્ત થઈ બસ પ્રેમમાં લીધી ફકીરી ખલકમાં.
ફરહાદ કેરી કબ્ર પર અશ્રુ વહાવ્યાં શીરીંએ !
અંદર સમાવી શીરીંને તે પ્રેમી કબ્ર અધીરીએ ! ૩૦

સત્પ્રેમ તરસ્યા માનવીની જીવનપદવી ઉચ્ચ છે,
સંસાર કે ધનવિભવ તેને સ્વર્ગસુખ પણ તુચ્છ છે.
હું પ્રેમનો આદર્શ જોઈ પ્રેમથી પીગળી ગઈ,
નાં જોયલું જોઈ મતી મારી અતિ આવળી થઈ ! ૩૧

મધરાત વીતતાં ઘેર આવી મિત્ર પણ સંગે હતો,
ઘરમાં પ્રવેશીને થયો તે મિત્ર ઉછરંગે છતો !
મલકાવ્યું મુખ મિત્રએ પાલવ ધરી ઘુંટણ પડયો
મુખકમળ કરમાવી દઈને દીનવાણી ઉચર્યો. ૩૨

ફરહાદ સમ હું પ્રેમ પ્યાસો તું **શીરીં** મમ પ્રાણની
મોહિત કર્યો તેં **મોહિની** માલિક હવે આ જાનની
કંઈ વર્ષથી મુખચંદ્ર તારૂં આ જીવન દમતું હતું,
બસ જાગતાં કે ઉંઘતાં એ નયનમાં રમતું હતું. ૩૩

તુજ કોકિલા સમ મધુર સુર જે સદનમાં ગાજ્યા કરે,
વસંતગૃહ તે વિશ્વનું વ્હાલો વિષય કયાંથી મરે ?!
તું મારશે વચનપ્રહારે બેકદર થઈ જાનથી,
પણ પ્રાણ આ મરશે ન તારા નયન–અમૃત પાનથી. ૩૪

તત્કાળ હું બોલી ઉઠી કંઈ સાન શુદ્ધ છે કે જરા ?
નાટક તણા ચેતક મહીં છો દિવાના કે બાવરા ?
ગણુ દિવાનો કે બાવરો તે માન્ય સૌ મુજ શિર છે
તવ પ્રેમઅમૃતઔષધી એ રોગ પર અકસીર છે ૩૫

ખણુશે કદાપિ આશવલ્લી હૃદયના મૂળમાં જઈ,
એ અમરવેલી થઈ વળગશે પ્રાણને તજશે નહિ.
કળિયુગ છે સત્યુગ નથી આ જગ મહીં નિહાળી લે,
જો દ્રષ્ટિ આડે સૃષ્ટિ ખેલે લાલલલના તાળી લે. ૩૬

હું એક ઉત્તર બોલીના મન લાજ લોકસમાજની,
મનમાં ખટક ખટકી રહી આ લોક લાજની પાજની
એ લોકલાજની પાજથી અટકે જનો, જયકાર છે,
જે લાજ છોડી કાજ કરતા મનુષ્યને ધિક્કાર છે, ૩૭

મેં લાજ છોડી પાપિણીએ મન ચડયું વંઠોળીએ
સો ભાવિ સુખડાં રોળીને હું ઝંપલાણી હોળીએ
મુજ શ્વસુર સંગમાં હોત તો આ જીવન થાત ન કોયલો,
સાચુ કહ્યું છે શાસ્ત્રમાં એકાંત વાસજ હોયલો ! ૩૮

હું કામવશ થઈ કામિની તે મિત્રને શરણે ગઈ,
રજની વિતાડી મિત્ર સંગે મદનને ચરણે જઇ.
અંધારી જેને કામની તે છતી આંખે અંધ છે.
સુધર્મ નીતિદીપ ઊજ્જળ દેખવા પ્રતિબંધ છે. ૩૯

અજબ કામણ કામનું મરવા છતાં મીટે નહિ,
રતિરંગ લાગે કારમો ફાટે છતાં ફીટે નહિ.
માયા પ્રસારી મિત્રએ વાતો પલાયનની કરી.
ધન દાગીના લઇ મિત્ર સંગે ચોર પગલે પરવરી, ૪૦

પવનચકકી ચિત્તની અસ્થિર કો સ્થિર કરી શકે ?
વમળમય યૌવનનદી મદઘેલડી ન તરી શકે !
ત્યાગ કીધો ઘર તણો, સોધર્મનો, સંબંધીનો,
મોહ લાગ્યો મિત્ર શું બસ અહોરાત્રિ સંધીનો. ૪૧

સ્રીધર્મ વાતો સહેલ છે પણ પાળવી મુશ્કેલ છે.
પવનચકકી મનતણી માયા બળે વંઠેલ છે.
મોહ કેરી જાળમાં લપટાઈ પંખીણી પુરી,
મિત્ર જ્યાં લઈ જાય ત્યાં હું જવામાં થઈ ગઈ શૂરી. ૪૨

મહરાઈધુનમાં મિત્ર મમ ગુણુ ગાય મંગળ અષ્ટકે
મરદાઈ જેને મસ્તકે બુરાઈ તેને હુરતકે.
મુંબઇ ગયા દિન કાંઈ રહ્યા મનમાં ફુલી મા'તી નહિં,
મુખ મિત્રનું જોયા વિના હું કદાપિ ખાતી નહિં. ૪૩

ખરચી ખુટી સંગે લીધેલી મિત્ર નાટકમાં રહ્યા,
રે નાટકી ગુણુ મિત્રના મારા મહીં દાખલ થયા
ત્યાં તાનટપ્પા હું શીખી વળી રંગભૂમિ પર ઉતરી
વિખ્યાત સ્ત્રી ખેલાડી થઈ જનવૃતિ મેં રંજન કરી ૪૪

રંગભૂમિ પર આવતાં કરતલ ધ્વનિ ગાજી રહે.
ફુલહાર કલગી અર્પી મુજને શોખીનો રાજી રહે
વિધવા વિવાહ મેં પ્રેમથી તે મિત્રની સાથે કર્યો
સુધરેલ જનની રૂબરૂ સંબંધ અમ પાકો કર્યો ૪૫

નાટક તણા શોખીન યુવકો નિત્ય અમ ઘર આવતા,
મન માનતી બક્ષીસ દઈ મેવા મિઠાઈ લાવતા,
નીત ગાડીઘોડે બેસીને ફરવા જતા ચોપાટીએ,
અમ સુખતરસ્યા પાસથી અવનવી વાની ખાટીએ. ૪૬

કંઈ વર્ષ અમ વીતી ગયાં આ પુત્ર પ્રસવ્યો અમ ઘરે,
મુખ પુત્રનું દીઠે કહો કો હર્ષઘેલાં ના બને ?
આનંદ સાગરમાં સદા અમ પ્રીતનૌકા ચાલતી,
મમ સુખ જોઈ સ્વર્ગદેવી મુખ નીચું ઘાલતી ૪૭

લક્ષ્મી વસી અમ ઘેર હોંસે કીર્તિ પણ ફેરા ફરે,
કીત ભૂખ્યાના ઘરભણી તે નજર સરખી નવ કરે.
અણધારી આવી વાદળી અવદશાની વરસી અરે !
પાણી કર્યું સુખ-શર્કરાનું જોત જોતામાં ખરે. ૪૮

સંબંધી સંગે ઘેર આવી **મિત્રની** પણિયાત વહુ,
તવ ભેદ ફુટયો **મિત્રનો** હું દીલમહીં દાઝી બહુ.
લાજી સુણીને જાતમિત્રની શૂદ્રના! મનમાં અરે !
બાજી રચી બ્રાહ્મણ કહી એ **મિત્ર** શત્રુએ ખરે ! ૪૯

ધર્મભ્રષ્ટા જાતભ્રષ્ટા થઈ ચુકી છું હું ખરે,
હાથે કીધેલાં કર્મ વાગ્યાં હાય ! હૈયામાં અરે !
રોષ દાબ્યો મનમહીં સંતાપ અંતર બાળતો,
આનંદ ઉડયો ગગનમાં આક્રંદ ઓઘ પ્રજાળતો. ૫૦

રે ! સાલ પેઠું શોકનું જોઈ મને રીસે ચડે,
પુત્ર મારો જોઈ તેના આંખમાં મરચાં પડે.
શોક માનીતી થઈને હું થઈ અણમાનીતી,
પ્રીત બદલી **શત્રુએ** તેથી થઈ હું જાણીતી ૫૧

ખાવામહીં કપડાં મહીં અંતર હવે પડતું ગયું !
રે ! શત્રુને મારૂં જીવન કંટક સમુ નડતું થયું !
પ્રેમ ન્હોતો અમમહીં પણ વિષયની લીલા હતી,
હૃદય તૂટયાં ઉભયનાં તે વિષયની લીલા થકી. ૫૨

નાની હતી નખ જેવડી પણ શોક સાપણ સમ હતી,
મર્મભેદી વચનબાણો મારવે ના કમ હતી.
તેનાં નયનના ઝેરથી આકાશના તારા ખરે,
ત્યાં હોય શું મારૂં ગજું કે નયન મારાં ના મરે? ૫૩

ભંભેરણી સુણી શોકની તે શત્રુ મુજને મારતો,
કાને ધરે ના વાત મારી એલ ફેલ ઉચ્ચારતો.
ભંભેરીને ભવ બાળીયો તે વાત યાદ અણાવતી,
ફરહાદનો દઈ દાખલો તે પ્રીતરીત શીખાવતી. ૫૪

દઈ દોષ મુજને તે કહે " મુજ સંગ શીદ આવી અહીં "
પાષાણ કેરા હૃદયમાં ચેતન આવે નહિ !
પાષાણ હૃદયથી ગિરિવરો દ્રવતા ઝરણ મીઠાં સદા,
પાષાણ હૃદયી માનવી દ્રવતા દયાજલ ના કદા! ૫૫

રે ! એક દિન એવો હતો જલ માગતાં પય આપતો
રે ! એક દિન આવ્યો હવે જલ માગતાં વિષ આપતો !
રે ! એક દિન એવો હતો હુ આંખની કીકી હતી !
રે ! એક દિન આવ્યો હવે હું આંખનો પાટો બની ૫૬

રે ભાવ વિણુ ભોજન ભુંડા વણુ ભાવની ભડકી રૂડી,
રે નીરનાં ઝરણાં રૂડાં વણુ નીરની સરિતા ભુંડી.
વાદળ વીંટાયલ ચંદ્ર ભુંડો અભ્રવિણુ તારા રૂડા,
જંગલ તણાં તરૂવર રૂડાં ફણીધર ભર્યાં ચંદન ભુંડાં. ૫૭

કડવા પીધા દુઃખ ઘુંટડા કડવા થયા દિન ભોજના,
રે ! વજ્ર હૃદયે ના ખમે કડવા અનુભવ રોજના !
આત્મહત્યા કાજ મારૂં મન કુતર્કે ભટકતું,
આત્માથકી પ્રિય બાળ સામે જોઈ અંતર અટકતું. ૫૮

ધર્મના સામ્રાજ્યમાં રે ! ધાડ મેં પાડી હતી !
મોહ–મૃગજળપાન કરવા બાજી મેં માંડી હતી !
"મરણ વીતે કર્મફળ" એ વાત સાચી ના ભણું,
કર્મફળ આ ભવમહીં છે ભોગવે છુટકો ગણું. ૫૯

મલીન ને મતિમંદ મારી પાપના પરિપાકથી,
ખાઈખિતા ઉભાગું પશ્ચાતાપ કેરી ખાખથી.
કર્મ–કંટક–શૂળ નીત મારા હૃદયને ડંખતી,
દુષ્પાપના ખાડા મહીંથી છુટવા હું ઝંખતી. ૬૦

ઈશભય ગણુતી ન પૂર્વે હવે હરપળ હું ડરૂં.
આથી અધિક કંઈ હાલ બુરા થશે શું ? શંકા કરૂં
રંગભૂમિ ઉમંગ વિણુ શું ? ભલું ભૂમિ લીંપવું
રે ! હૃદયમાં ના રંગ તો હું રંગભૂમિ શું દીપવું ૬૧

મુજ પાઠ મેં ભજવ્યો નહિ શત્રુ ભર્યો રીસે બહુ
અતિ ત્રાસ તે દિનનો અરે ! આ એક જીભે શું કહું !
રે ! માર મારી ઝૂડ ભાંગ્યાં રૂધીરની ધારા ઉડી !
નાવી દયા તે દૈત્યને હાલત કરી ધૂળથી ભૂંડી ! ૬૨

કાળી કકડતી રાતના કાઢી કકલતી બારણે,
નાદાન બાળક સંગ નીકળી દુઃખ મોચન કારણે.
અમ ઉભયને એક સહીઅર રાતવાસો થઈ ગઈ,
શોક ને શત્રુની સાથે ઉંઘ પણ વેરણ થઈ! ૬૩

પતિ સહીયરનો હતો તેના મને ઉપજી દયા,
અમ હૃદય તુટ્યાં સાંધવા મુજ પતિ પાસે તે ગયા
તે એકનો બે ના થયો લાગ્યો મને ધિક્કારવા.
કંઈ દાવમાં હું આવું તો મુકે નહિ સંહારવા. ૬૪

ક્રોધવશ શત્રુ થયો પ્રીતિ બધી વિસરી ગયો.
સમજાવતાં સમજ્યો ન સહીયરસ્વામીની સામે થયો!
એળે ગયો અવતાર મારો દુષ્ટએ દીધો દગો!
કુવે ઉતારી વરત વાઢી થાય દુર્જન ના સગો! ૬૫

પુનર્લગ્ન વિષે મલ્યા'તા સાક્ષીરૂપ મહાશયો,
વિનવતા તે શત્રુને, પણ એકનો બે ના થયો.
સહુ સજ્જનોની સહાયથી મેં કોર્ટમાં દાવો કર્યો,
પણ શત્રુ અંતિમ પળ લગી નિર્લજ થવામાં ના ડર્યો ૬૬

કહે કોર્ટને તે બેધડક "મુજ સ્ત્રી ન એ પણ રખ છે
હું શુદ્રને એ બ્રાહ્મણી અમ હિંદુ લૉની શાખ છે,
અમ ભિન્ન વર્ણનું લગ્ન તે કંઈ લગ્ન શુદ્ધ ગણાયના,
મુજ ધન ઉપર એ માતસુતનો હક કદી કહેવાયના ૬૭



ચોળી કંચુકી મારી અને આ જરકસી સાડી
તોડયો હાર મોતીનો તને કયમ લાજ ના આવે?

[વધુ માટે જુઓ પાનું ૪૮



ભરી ભરી જામ તેં પાયા લલિત લગની તણા જગને,
કરીને પાન શુધ ભૂલ્યાં કહું બંસી કે મયખાની?

મુંબાપુરીની વડી અદાલત હિંદુ લૉ આધીન હતી,
શઠતા નિહાળી શત્રુની તે ખેદ માંહે લીન હતી.
જો સત્ય વસ્તુ હોય પણ ના કાયદો લાગુ પડે,
તો સત્ય વસ્તુ હારતી જુઠાણું વિજયી નિવડે ! ૬૮

પ્રતિવાદી જીત્યો કેસમાં હિનભાગિનીની હાર થઇ !
પ્રતિવાદી કેરો ખર્ચ કોર્ટે મમ શિરે નાખ્યો નહિ
ભોળી અબળા ભોળવી શઠ નીચ લાલચ પુરતાં,
એ હિંદુ લૉ નો કાયદો ઉ-તેજનો જન ક્રૂરતા. ૬૯

પુરૂષપક્ષી કાયદા પુરૂષે રચ્યા એકે મતે,
સ્ત્રીઓ રચત એ કાયદા શઠ દેહદંડ પામ્યો હતે.
અજ્ઞાન અમ અબળા મહીં તેમાં ફસાણી આખરે !
ભોળી અને અજ્ઞાન નારી આમ વિણ મો'તે મરે ! ૭૦

ઘરની રહી ના ઘાટની અધવચ અરે લુંટાઇ હું !
નિશ્વાસ નાખી શત્રુ પર નિશદીન ફરૂં મુઝાઇ હું.
ઇન્સાફ હારી કોર્ટમાં ઇન્સાફ ઈશ્વર ઘર હતો.
દિલ દુભાયલની દાઝ દીનનાથ દિલમાં ધારતો ૭૧

બાતલ કર્યો મુજ પુત્રને આપ્યો ન તેને વારસો
કોરટ ન આપે ન્યાય પણ છે પ્રભુ પાસે આરસો
કોરટ ચલાવી લે ભલે આવા અધુરા કાયદા
પણ પ્રભુ શઠને દંડ દેવા પળ કરે ના વાયદા. ૭૨

મુજ શત્રુની નારી અચાનક બારીથી નીચે પડી,
પડતાં તજ્યા પટ પ્રાણ મારી હાય તો અંતે નડી.
પ્રપંચીઓ પેબાર પાસા પાડી ખુશ થાએ ખરા,
કિરતાર કેરી લાઠીનો ના શબ્દ સંભળાએ જરા. ૭૩

હાય ભુંડી ગરીબની એ કાળમૂર્તિ મંત છે,
હૃદયજવાળા સાગરોને સુકવવા બળવંત છે.
ફળવંત સૃષ્ટિ વૃષ્ટિ વિણ વેરાન પળમાં થઈ જતી,
સદ્ગુણ વિના સંસાર લીલા વિષવૃક્ષ સમી થતી. ૭૪

વિશ્વાસઘાત કરી જનો સુખીયા કદી થાએ નહિ,
પાપણ પર બેસી નદીને પાર કો જાએ નહિ.
વિશ્વાસઘાતી શત્રુએ ભય રાખીઓ ના રામનો.
જરજોરૂ ખોયાં પાપમાં બદલો મળ્યો નીચ કામનો. ૭૫

વાવી કૌવચ બીજ કોઈ આમ્રફળ ચાખે નહિ,
વિષપાનથી કો અમર છે એ જ્ઞાની પણ દાખે નહિ.
દીપક બુઝાવી સુરંગમાં કો તિમિરને વામે નહિ,
અધર્મ કેરાં કર્મ કરી કો મોક્ષપદ પામે નહિ. ૭૬

ચોરી ઉપર ચોરી થઈ, શત્રુઘરે નવ માસમાં,
પાટું પડે પડતા ઉપર ક્યાંથી રહે ઉલ્લાસમાં!
નાટક તણો ધંધો તજી ભટકેલ થઈ ભટકયા કરે,
પૂર્વે કરેલાં પાપ તેના હૃદયમાં ખટકયા કરે. ૭૭

મુજ ભાળ કાઢી શત્રુએ આવી ચડયો મુજ ઘર અરે !
નિર્લજ બની ગત વાત ભૂલવા વિનવણી મારી કરે.
આંસુ વહે ચોધાર આંખે કંઠ ગદગદ થઈ ગયો,
મુજ ચરણમાં પડી દીનવાણી હૃદય ખોલી ઉચર્યો:- ૭૮

અવદશાએ ઘેર્યો હતો અવળી મતિ મારી હતી,
સંતાપવા રે ! મારવા, મેં કસર રાખી ના રતિ !
તુજ શોકની ભંભેરણી સાચી સદા માની લીધી,
મે મતિમંદ થઈ અરે ! અળખામણી તુજને કીધી. ૭૯

મેં દગલબાજી મૂળથી તુજને ફસાવવા આદરી,
તુજ પતિ સગે મિત્રતા તુજમાટ મેં પાકી કરી,
થઈ શુદ્ર હું બ્રાહ્મણ બન્યો વિશ્વાસઘાતી થઇ અરે
એળે ગયો અવતાર કાણે તુમડે કો ના તરે. ૮૦

જો ખતા–ખંજર–છેદથી સૌ અવગુણો નીતરી ગયા
જો દુર્મતિના વમળ પળમાં વહી ગયાં અળગાં થયાં
જો બંધનો છળકપટનાં અતિ ઠોકરે તુટી ગયાં
જો સીતમની વિજળી પડી મમ ધીર–નીર ખુટી ગયાં ૮૧

લે શરણમાં દીન દાસને દે અભયદાન ઉગારવા,
ભોગી ભ્રમર ડંખે છતાં દે કમળ રસ પરિમળ નવાં
દુ:ખસાગરે ડુબું હવે બસ માર કે બસ તાર તું,
ધિક્કાર કે ફિટકાર પણ આધાર તું દાતાર તું ૮૨

એ શત્રુ કેરા બોલ મારા કાનને કંટક સમો,
એ શત્રુ મુખનો ડોળ મારા નેન ને પાવક સમો.
એ શત્રુનો અશ્રુ પ્રવાહ દમતો મને તક્ષક સમો.
એ શત્રુનો મેળાપ મારા જીવનનો ભક્ષક સમો ૮૩

કંપી ઉઠી મુજ અંગવેલી આંખમાં અગ્નિ ઝરે.
જીહ્વાસ્ત્ર છુટયું જોરમાં વિખ વાણીમાં વરસ્યા કરેઃ—
રે પાપીઆ! તુજ પાપી પગ પાતાળનાં જગ બાળશે
રે પાપીઆ! ટળ–જા, અધુરૂં જીવન મુજ પ્રજાળશે. ૮૪

દેખા દઈ નાં બાળતો મુજ બાળ માટે હું જીવું.
ના જીગરને ઉકળાવટો મુજ બાળ માટે હું જીવું.
સો વાર ગંગાસ્નાન કરશે શ્વાન, પણ ના સુધરે.
ચાખેલ નાગતણો ભરૂંસો બુદ્ધિહીન ભલે કરે. ૮૫

તું લાખનો ઢગલો કરે હું લાત મારૂં પાધરી.
તું ગુણનો સાગર ભરે હું દૃષ્ટિ માડું ના જરી.
તું સ્વર્ગનો રાજા બને હું લેશ ના પરવા કરૂં.
તું આ ભવે કે પરભવે મળતો ન મુજને, વિનવું. ૮૬

મુજને દગો દીધો ભલે! પણ અન્યને દેતો નહિ.
વિશ્વાસનાં વચનો કહ્યાં ત્યમ અન્યને કે' તો નહિ,
ફળ ભોગવી લે પાપનાં મુજ નામ પણ લેતો નહિ.
સાર્થક કરી લે જિંદગી સંસારમાં રહેતો નહિ. ૮૭

મુજ બોલ એવા સાંભળી શત્રુ ગયો પળવારમાં,
પાછો મળ્યો ના મુજને મંડયો પ્રભુના પ્યારમાં,
ભક્તિ કરે છે પર્વતોમાં એક ચિત્તે શિવની
સેવા કરૂં હું પુત્ર સંગે અખિલ જગના જીવની. ૮૮

રટણમાં હરદમ હરિહર અટન તીર્થોમાં કરૂં,
શરણુ હરિનું પામવા હું મરણની પહેલાં મરૂં.
દમન ઇંદ્રિયનું કરૂં ને વમન આ સંસાર છે,
શમનકર્તા પાપ પ્રભુને નમન વારંવાર છે. ૮૯

પ્રપંચમય સંસારમાં અનભવી અબળા ફસે,
સદ્ધર્મ નીતિ જ્ઞાનનું અજ્ઞાન અબળામાં વસે.
અજ્ઞાન એ ઉજાવવાનો ધર્મ છે સન્નારીનો,
નિજ દેશભગિની તારવાનો ધર્મ છે સન્નારીનો. ૯૦

નારીતણા ઉદ્ધાર વિણુ કો દેશનો ઉદ્ધારના,
નારી પ્રતિષ્ઠા વિણુ સ્વર્ગીય શોભતો સંસારના.
નારી હૃદય ઉન્નત વિના દેશોન્નતિ દૂર છે,
નારી તણું ચારિત્ર્ય ઘડવાની બહુજ જરૂર છે. ૯૧

ઉપદેશ આપું ફરી ફરી મુજ દેશની સહુનારીને,
અજ્ઞાનપણુમાં હું ફસી ફસશો ન મુજને ભાળીને.
કામી પુરૂષના પ્રપંચો મૃગજળ સમા મોહક ખરે,
લલચાય, દોડી જાય, તે અટવાઇ અટવાઇ મરે. ૯૨

ધિક્કાર છે તેને, ફસાવી મોહમાં પરનારને,
ધિક્કાર છે મુજને, અનીતિએ તજ્યો સંસાર મેં !
ધિક્કાર છે તે મદનને જે પાપપંથ બતાવતો,
ધિક્કાર છે તે ન્યાયને અન્યાય ખુલ્લો આપતો ! ૯૩

કર્મકથની બાઈ! મારી સાંભળે ના ફાયદો,
સદ્‌ગુણશાળી નારીઓ કીધા વિના ના ફાયદો.
સ્ત્રીધર્મનીતિ કાજ કંઇ યત્નો કરો તો ફાયદો,
ભાવિપ્રજાની માતને કંઈ કેળવો તો ફાયદો. ૯૪

મંડળ રચો સન્નારીનાં નીકળી પડો ઉપદેશવા,
રે ! દેશને ખુણે ખુણે પણ ના ચૂકો ઉપદેશવા.
સ્ત્રી ઉન્નતિના કાયદા સરકારને ઘડવા કહો.
સ્ત્રી ઉન્નતિના ચાહકોને જઈ મદદ કરવા કહો. ૯૫

ગૃહ શિક્ષણ નીતિશિક્ષણ, કળાશિક્ષણ શીખવો,
આચાર ને વિચાર ઉંચા નીત કરતાં શીખવો.
ભાન અબળાને કરાવો પ્રપંચી દુનીયા તણું,
ડગલે અને પગલે નડે કયાં દુ:ખ દુનિયામાં ઘણું. ૯૬

અનસૂયા, મંદોદરી, દ્રુપદસુતા, તારામતી,
દમયંતી, શબરી, પાર્વતી, સાવિત્રી ને સીતાસતી,
આદર્શ એવી સાધવીના દાખવો નીત નારીને,
ચારિત્ર્યમાં એ જીવનરેડો જ્ઞાન નીર ચખાડીને. ૯૭

ખટ દુર્ગુણોથી ના ડગે માયા જીતે સંસારની,
એવી બને વીરાંગના તો ઉન્નતિ હદપારની
મનસંયમનની ટેવ પાડી મનોબળ સુદૃઢ કરો.
અજ્ઞાન, દુર્ગુણ, વહેમ જડથડથી સ્ત્રીઓનાં પરહરો. ૯૮

તે સ્ત્રી—

કથની સુણી તમ દુઃખની દુઃખમાં ડુબી ગઈ છું ખરે,
છે વાત સાચી તમતણી અજ્ઞાન અબળાઓ મરે !
પાપી પુરુષના પ્રપંચોને આર્યબાળા જાણશે,
તો ઝંપલાવશે ના કદી દુઃખ વામશે, સુખ પામશે. ૯૯

સ્ત્રી ઉન્નતિશાળા બધેબધ ખોલશું સૈ નારીઓ.
અમ આર્યગૌરવ જ્ઞાનના જશ બોલશું સૈ નારીઓ.
કેળવીશું હિંદબાળા પ્રેમથી સૈ નારીઓ
મેળવીશું અમરકીર્તિ સ્વર્ગમાં સૈ નારીઓ ૧૦૦

અવળાપંથે ચઢેલાં આ લાલદીવો ભાળશે,
તો ભવભર્યા કુવે ન પડતાં સાચવીને ચાલશે.
આખા જીવનમાં પાપ કેરી ગંધના લાગે જરા.
તે દેવ છે, તે દિવ્ય છે, તે શાંતિપદ લાયક ખરા. ૧૦૧

સમાપ્ત.

નવજીવન.

આ યુગ નવા મનુનો જીવન નવું અમારૂં,
શૂરો સિપાઇ થઇને દિલ દેશદાઝ ધારૂં. ૧
હિંદુ નહિ હું ખ્રિસ્તી ના પારસી મુસલમીન,
વસું ધરામાં વસતું આખું કુટુંબ અમારૂં. ૨
જ્યાં જાઉં ત્યાં છે મારા બંધુ પ્રભુના બંદા,
ચોખુંટ ધરતીમાં છે ઘરઆંગણું અમારૂં. ૩
રોતાં અનાથ બાળો, તાપે તપેલ ફૂલો,
હું તેનો તે અમારાં એ એક ધ્યેય પ્યારૂં. ૪
પરવા કરૂં ન કોની પુજું નિજાત્માને,
આત્મામાં વિશ્વ ભાળું, સૌ વિશ્વ એક ધારૂં. ૫
વણુસે તે સૂર્ય કિરણો, તુલો ઉપર છે તીડો,
ઉંઘે જગત્ શું ગાફિલ ઢંઢોળીને ઉઠાડું. ૬
જુઓ નભે જુઓને ચમકે નવીન તારા,
જુના સમુદ્રમાંથી રત્નો નવીન કહાડું. ૭
જ્ઞાતિ કુધર્મ રૂઢિની હિંદને છે બેડી,
તે તોડી મુક્ત થાવા પલટણુ નવી ઉતારૂં. ૮
શુરો ત્વરા કરોને સમતાનો ધ્વજ ઉડાવો,
નીતિનો શંખ પુંકો એ ઉન્નતિનું બારૂં. ૯
સત્વર સુધારૂં તેને જે કુપ મંડુકો છે,
જે તાતના કુવાનું પીએ છે નીર ખારૂં, ૧૦

પડો લાનત તને મસ્કા?

જમાનો લાડકો આવ્યો ચઢયો છે ભાવ મસ્કાનો,
વધારી મોંઘવારી આ **પડો લાનત તને મસ્કા !** ૧

ગુલામીનો બની ફરજંદ તજી સ્વાતંત્ર્ય માતાને,
ગુલામી ધર્મ ફેલાવ્યો **પડો લાનત તને મસ્કા !** ૨

પાપી સ્વાર્થની ખાતર ગરીબોનાં ગળાં રે'સ્યાં,
કસાઇનો કસાઈ તું **પડો લાનત તને મસ્કા !** ૩

ઘરાણે મૂકીને અકકલ શીખ્યો તું પાઠ " હાંજીહાં "
મૂર્ખાને પગે લાગે **પડો લાનત તને મસ્કા !** ૪

બધા ધંધા મહીં ધંધો ખુશામતનો સહેલો છે,
સ્વીકારી ધાડ મારી તેં **પડો લાનત તને મસ્કા !** ૫

રચે પ્રપંચની બાજી પુલાઇને ફરે રાજી,
ખુશામત રાખતો તાજી **પડો લાનત તને મસ્કા !** ૬

કરે પૉલીસ લઈ મસ્કો ચઢાવે ઓપ પાજીને,
કરે ઘુવડ સમું મોઢું **પડો લાનત તને મસ્કા !** ૭

ખોદે ખાડ દુનિયામાં પૂરે છે દ્વાર સ્વર્ગોનાં,
અધવચમાં રહ્યા લટકી **પડો લાનત મસ્કા !** ૮

હવે કર ના દગલબાજી ?

અરે દિલદાર દિલ દઇને **હવે કર ના દગલબાજી** ?
ચઢી દુનીઆની દ્રષ્ટિએ **હવે કર ના દગલબાજી** ? ૧
હસી જગ આંગળી કરશે હૃદય તે જોઇ ચણુચણુશે,
નકકી મરવું મને પડશે હવે કર ના દગલબાજી ? ૨
ગુંથી દિલગાંઠ આપણુ બે વસી એકાંતમાં પ્રીતે,
છુટે નહિ કેમ છોડે તું **હવે કર ના દગલબાજી** ? ૩
નયન બે મીટ માંડીને સુધાજલ સ્નેહનું પીતાં,
વમન તેનું કરાવે કાં ? **હવે કર ના દગલબાજી** ? ૪
પુરી આ પંખીણી પિંજર પઢાવ્યા પ્રેમના પાઠો,
પીંખે કાં પાંખ તું મારી **હવે કર ના દગલબાજી** ? ૫
ખમું હું ઘાવ ખંજરના કરે તું પ્રેમની નસીયત.
સહું ના દિલ ઉઠે તારૂં **હવે કર ના દગલબાજી** ? ૬
દિલ લેતાં ન દઇ દેવું દીધું દિલ તો ન લઈ લેવું,
સહેવું જિંદગી સાટે **હવે કર ના દગલબાજી** ? ૭
થયાં બે પ્રેમીઓ આપણુ હતો સાક્ષી પ્રભુ પાસે,
ડુભવવા પ્રેમ–સાક્ષીને **હવે કર ના દગલબાજી** ? ૮
ડુભવશે તું દગો દઈને નકી પટ પ્રાણુ મુજ જાશે,
પછી હંમેશ પસ્તાશે હવે કર ના દગલબાજી ? ૯
અખંડિત ઉજળા પ્રેમે જીવન અજવાળશું સંગે,
અમરનાં દ્વાર ખોલીશું હવે કર ના દગલબાજી ? ૧૦

નિરાશા.

હૃદયકેરી વાડલી ઉજ્જડ કરે કોઈ
સૌંદર્યને પીંજવી ન તે શાંતિ ધરે કોઈ! ૧
બેસુર તેનો સાંભળી કાને દઉં ડુચો,
હા! તોય તે ભાળું ખરે ઘુરકયા કરે કોઈ! ૨
ધૈર્ય કેરી ઢાલ ઓથે હું લપું છાનો,
રકત ના ટપકે છતાં વિંધે શરે કોઈ! ૩
હરિયાળી તેને ના ગમે મમ હૃદયની કયારી,
મુજ અશ્રુની ધારાવતી કયારી ભરે કોઈ! ૪
હૃદયવાડી ગજવતું બુલબુલ ઉડે ગાતું,
તરફડાવી સખ્તદિલ જીવન હરે કોઈ! ૫
ચુપચુપ ચકોરી છે પડી છાયું તિમિર ઘાડું,
ઘુવડતણા ઘુતકાર શબ્દે ભય ભરે કોઈ! ૬
તોયે ઉંડા ઉંડાણમાં ઝાંખું કિરણ ભાળું,
તેપર થઇને સ્વાર ઓ આવે ખરૂં કોઇ! ૭

છલકે તો ભલે છલકે.

ભરી આપો છલાછલ જામ, વિરમો ના પ્રભુ! પલકે,
હું મુખ માંડું તમે રેડો, **છલકે તો ભલે છલકે.** ૧
કરંતાં પાન, જગના રંગ, પલપલના નવા ભાસે,
થવા દો બે નયન ચકચુર, **છલકે તો ભલે છલકે.** ૨
ઘુમે બ્રહ્માંડનાં દ્રવ્યો, બનીને પાનથી મસ્તાન,
ઉડી આવું ભૂમિથી વ્યોમ, **છલકે તો ભલે છલકે.** ૩
અધિકારી કરે એ પાન, સુણવા ગાન સૃષ્ટિનાં,
પુરૂં એ ગાનમાં મુજ તાન, **છલકે તો ભલે છલકે.** ૪
ભર્યા છે વેદ સમયોનાં ઋષિએ સોમરસ સાગર,
ભરી ભરી આણવા દો કુંભ, **છલકે તો ભલે છલકે.** ૫
કરીને કલ્પના-નૌકા, હું, વિચરૂં વ્યોમસાગર પર,
ઉડુરત્ને ભરૂં ભૂતલ **છલકે તો ભલે છલકે.** ૬
છુટે જીહ્વા થકી .વચનો, ખરે વચનાવલિ રૂપે,
રસિકોની ભરાંતાં છાબ, **છલકે તો ભલે છલકે.** ૭
સમીપે જઈ સુધાકરની, સુધાનો કુંભ ઉભરાવું,
ભિંજાવું તમ આ ધરણી, **છલકે તો ભલે છલકે.** ૮

ગતને પાઈ દો પ્યાલો, ઉંઘણસીઓ ઉઠી ભાગે,
રેલાં મૃત્યથી જાગે, **છલકે તો ભલે છલકે.** ૯
લો સ્વર્ગથી ધારા, પ્રભુજી દિવ્ય સ્ફૂર્તિની,
હી ઉતરે ધરા પર સ્વર્ગ, **છલકે તો ભલે છલકે.** ૧૦

કાળે બગાડી બાજી.

ગાફિલ રહે શું બંદાં ! જોને નજર ઉઠાવી,
કાળે બગાડી બાજી કંઈની બની બનાવી. ૧

પૃથુ પ્રતાપ, અકબર શિવાજી ને સિકંદર,
આશા જીવનની દોરી પાણી સમી વહાવી. ૨

લાખો ઉજાડી વાડી દેવોને પ્રાણ પ્યારી
રોતી ફરે બિચારી ગરદન ગુલે મિલાવી ૩

બુલબુલ કંઈ માર્યાં કંઇ બાગમાં પ્રજાળ્યાં,
કીધાં અમર ન કોને કહું શું જબા હલાવી. ૪

ગુલોના બિસ્તરાપર કાંટા જમે જમાવ્યા,
કંઇ આશકોની પાછળ માશુક મુકી રડાવી. ૫

પછી પરવા રહે શાની?

લગની પ્રેમની લાગે **પછી પરવા ન દુનીઆની ?**
નિજાનંદ ઘંટડી વાગે **પછી પરવા રહે શાની ?** ૧
ઉષાના કે નિશાના રંગ દુનીઆને ભલે રંગે,
પ્રેમી પ્રેમ–રંગ ન્હાયે **પછી પરવા રહે શાની ?** ૨
કાયા, ધન, વિભવ ભોગી યમને ચોરથી ડરતા,
કરે જો ત્યાગ-વૃત્તિ તો **પછી પરવા રહે શાની ?** ૩
વીણા, સીતાર, સારંગી જનોને રીઝવે તો શું !
સુણે નીત સુર સોહંના **પછી પરવા રહે શાની ?** ૪
અરે પરતંત્રતા ભુંડી ઉડાડે નૂર માનવનું,
શીખે સ્વતંત્ર્યના પાઠો **પછી પરવા રહે શાની ?** ૫
બનીને તાત મારે લાત સુતની સાધુતા ઉપર,
સપુત પ્રલ્હાદરૂપ ધારે **પછી પરવા રહે શાની ?** ૬
કુટિલતા કૌરવે ધારી નમીના દ્રૌપદી નારી,
હૃદયમાં કૃષ્ણમુરારી **પછી પરવા રહે શાની ?** ૭
કુછંદી રાવણો હાર્યા સતી સીતા વિજય પામી,
હતી શ્રીરામધુન પ્યારી **પછી પરવા રહે શાની ?** ૮
નજર સંસારથી વાળી કુટીમાં રહે મશગુલ
વિલોકે દિવ્ય જ્યોતિ ત્યાં **પછી પરવા રહે શાની ?** ૯

દિલે નાદાન.

દિલ દીધું નાદાનને દિલદાર ગણીને,
હા! ભસ્મ કીધું જાલિમે અંગાર બનીને. ૧

કોલ આપ્યા આવીને રે! જિંદગી ભરના,
તે ભંગ કીધા હાય! બેદરકાર બનીને ૨

પગલાં પડે જ્યાં માહરાં ત્યાં ફુલ પાથરે,
આજે ગયો બદલાઇ ખુચે ખાર બનીને. ૩

પ્રેમરસ પાઈ રૂઝવતો દર્દ જીગરના,
ત્યાં આજ કરતો જખ્મ રે! તલવાર બનીને ૪

મુખ ના જુએ દિન એક તો દિવાનો થઇ જતો,
પડદો હવે દિલનો કર્યો બદકાર બનીને. ૫

ઇશ્કની છલમલ હતી દિલની તિજોરીમાં,
દેવાળું ફુક્યું ઇશ્કનું નાદાર બનીને. ૬

ઘડીની કિંમત.

ઘડિઆળમાં ટંટ ટકોરા વાગતા અગિઆરના,
મારી કનેથી કો ઉઠી ગઈ સુંદરી લાગ્યું મને. ૧
હું 'કોણ' કહીને નિરખવા ઝટવારમાં ઉભો થયો,
તે રોષમાં ચાલી ગઇ પગરવ સમું લાગ્યું મને. ૨
તે દુરથી દે નામ "હું ફોકટ ગુમાવેલી ઘડી,"
પકડું છતાં પકડય ના અદ્દશ્ય થઇ લાગ્યું મને. ૩
ધિક આમ બોલી અશ્રુ ઢાળ્યા ભગ્ન આશે હું ફર્યો
સંતાપ પશ્ચાતાપની વરસી ઝડી લાગ્યું મને ૪
સંબોધતું કો સાંભળું મુજને ઉંડા ઉંડાણમાં.
પાપણ ઉઘાડી જોઉં તો કંઈ હર્ષમય લાગ્યું મને ૫
નામ પુછતાં વિનયથી તે બોલી હું નૂતન ઘડી,
દોડી નમ્યો પલવારમાં ચેતન મળ્યું લાગ્યું મને ૬
"વ્યર્થ વિનાડે ઘડી તે પાપ તારે શિર છે"
ઉપદેશ એ મરતાં લગી જાશે નહિ લાગ્યું મને. ૭

"નહિ" કોણ?

ડાઘ દિલમાં દર્દના દિલદાર દે, દાના નહિ,
આંખમાં ના પ્યાર તો દિલદાર તે, શાણા નહિ. ૧

દીપ પર કુરબાન ના જે જાન, પરવાના નહિ,
પ્રેમમાં જે વ્હેમ રાખે પ્રેમ–મસ્તાના નહિ. ૨

જરલોભમાં કંઈના ફસાવે જાન, દિવાના નહિ,
નામ લેતાં નેનમાં ના ઘેન, **મયખાના નહિ.** ૩

એક ઝબુકે આંખ ના મીંચાય, **દામિની નહિ.**
ચંદ્ર જોતા પાંખડી ખીલાય, **કમલિની નહિ.** ૪

દિલ દર્દથી દાઝે છતાં બોલે ન જે **વાચા** નહિ,
પૂજાય પાખંડી છતા બોલે ન જે, સાચા નહિ. ૫

ઘન ગર્જના ગાજી ઉઠે ના, કેસરી સુબા નહિ,
હાથ પડતાં તાર પર વાગે ન દિલરૂબા નહિ. ૬

પ્રાર્થના.

શરણુમાં હું પડયો આવી પ્રભુ! મુજને ભુલાવો ના.
જુઠી સંસારની બાજી રમાવીને પુલાવો ના. ૧

તમારૂં નામ દુનિયામાં પતિતપાવન સહુ જાણે,
નિહાળી દોષ મુજ બાળો નજર ત્યાંથી ચુકાવો ના. ૨

ભયંકર કાળના નદમાં તણાઇ જાઉં છું વેગે,
ગ્રહોને બાંય અબ મારી જરા વિલંબ લગાડો ના. ૩

પડયો હું કર્મબંધનમાં, ગળે ફાંસો પગે જંજીર,
રોવું કયાં સુધી મારે, ચડો વારે ડુભાવો ના. ૪

હજારો દુત મારગમાં ઉભા છે પંથ ને ઘેરી,
રહો ને સંગમાં મારી અલગ હે તાત થાઓ ના. ૫

તજ્યાં જગના તમાસા મેં તજી સૌ ભોગની આશા,
તૃષાદર્શનતણી લાગી તૃષાતુર મૂકી જાઓ ના. ૬

સ્વર્ગને વિનતિ.

ધરતી ઉપર વસ્તી નહિ માનવતણી જે કાળમાં,
સ્વર્ગ ન્હોતું દુર ધરણીથી સમો એવો હતો. ૧
સ્વર્ગની છાંયા ધરાપર સૌખ્ય રૂપે ઉતરતી,
સ્વર્ગ પૃથ્વી ઉભયને બહુ પ્રેમરંગ લાગ્યો હતો. ૨
નિજ તનુમળના બનાવ્યા પૃથ્વી એ સૌ માનવો,
ઇચ્છા હતી કે દિવ્ય બાળો સ્વર્ગ લાવે ભૂતળે. ૩
પણ હાય ! દુષ્ટે સ્વજનની લતા પ્રહારે દૂભવી,
સ્વર્ગપર જાવા મથ્યા પણ એકના સ્વર્ગે ગયો. ૪
ભાળીને કૃતઘ્નતા તે સ્વર્ગ મન કોપ્યું અતિ,
આવેશમાં ઉડી ગયું ઉંચે ઉંચે ઉંચાણમાં. ૫
સ્વર્ગના વિયોગથી માતા હજી ઝુરી રહી,
હે માત માફી દે અમોને પાપનાંફળ ભોગવ્યાં. ૬
સ્વર્ગ તું એ ક્ષમાકર અવનિ ઉપર નિવાસકર,
અંતર તજીને ભેટતું માતૃભૂમિને રીઝવશું. ૭

રૂઢિ રાણી થઈ બેઠી.

અરે અજ્ઞાનની મૂર્તિ કરૂપી કારમી કાળી,
ચલાવે રાજ દુનીઆમાં **રૂઢિ રાણી થઈ બેઠી.**
જગાવે જો હુકમ એતો અસત્ સિંહાસને બેસી,
બની બળવાન શાસ્ત્રોથી **રૂઢિ રાણી થઈ બેઠી.**
દિતિ કન્યા છતાં દેવી ગણી સૌ પાય પૂજે છે,
જમાનાની જુઓ તાસીર **રૂઢિ રાણી થઈ બેઠી.**
દેતી શ્રાપ જનને ઘોર જુલ્મી દુષ્ટ એ રાણી,
જનો આશીર્વચન ગણતા **રૂઢિ રાણી થઈ બેઠી.**
સૃષ્ટિની સુધાવાણી ન સુણવાનો હુકમ કોને,
ગવાડે ગીત પોતાનાં **રૂઢિ રાણી થઈ બેઠી.**
જાગો સૃષ્ટિના ભક્તો રૂઢિના શત્રુ થઈ લાગો,
કહો અન્યાયથી આતો **રૂઢિ રાણી થઈ બેઠી.**
ખણી વિસ્મૃતિનો ખાડો રૂઢિ ઉંડાણમાં ડાટો,
લખાવો કબ્ર તેની પર **રૂઢિ રાણી થઈ બેઠી.**

ભારત-સ્તવન.

હે માત ભાર્ત ભૂમિ ! ચુમીએ ચરણુ તમારાં,
સાગર સુનીલ ભેટી હૃદયેવસી અમારા. ૧
કો દિવ્ય યોગમાં છે અવતાર તુજ માતા !
ગુણ પ્રાણિવૃંદ ગાતા મહીમા ભર્યા રસાળા. ૨
રાત્રિ ગંભીર ગઈ છે ઉગ્યું પ્રભાત મંગળ,
પગલાં ઉદયગિરિ પર શોભી રહ્યાં તમારા. ૩
સાડી સજી રૂપાળી હરિયાળી વલ્કલોની,
કુંજે ભરેલી ભાતો હૈડાં હરે અમારાં. ૪
માથે મુગટ વિરાજે હિમવંત શ્વેતરંગી,
મુક્તાવલિ ગળામાં ગંગા તણી તમારા. ૫
કટિ મેખળા શી ઝળકે મહા નર્મદા નદીની,
ગાજી ચરણુ પખાળે નીત સાગરો તમારા. ૬
કંઠે અભય વચન છે, હૃદયે સંપ્રેમ--શાંતિ,
હસ્તે સુઅન્નપૂર્તિ મુક્તિ પદે તમારા. ૭
જયજય વિશાલ ભાલા ! જગતારણી જનુની !
ના ધન્ય કેમ અમને ? સંતાન થઇ તમારા. ૮

નંદનવન અમારૂં એ.

અમે તો ધર્મવીરના બાળ અમારા કર્મ વીર પ્રતિપાળ.
અમારી ભાર્ત ભૂમિ રસાળ **નંદનવન અમારૂં એ.** ૧
કરીને તેજની પૂજા અમારાં આદ્યઋષિઓ એ,
ઉજાળ્યું દિવ્ય હિંદુસ્તાન **નંદનવન અમારૂં એ.** ૨
ગોપીચંદ ભર્તૃહરિ સમાએ અમરફળ ચાખ્યાં,
અમરફળદાન દેનારૂં **નંદનવન અમારૂં એ.** ૩
ભર્યાં છે ભાર્તમનુજોએ અમરતાં ધામ દેવોથી,
ખરીએ માત સ્વર્ગની ખાણ **નંદનવન અમારૂં એ.** ૪
શિયાળો ઉષ્ણ–વર્ષાકાળ શીખવે કાળ–મર્મો જ્યાં,
ખરૂં ત્રિકાળ જ્ઞાનનું સ્થાન **નંદનવન અમારૂં એ.** ૫
અલૌકિક સામ વેદોના ભર્યા સંગીતના સાગર,
સંગીત ધ.મ હિંદુસ્તાન **નંદનવન અમારૂં એ.** ૬
પ્રભુએ પૃથ્વીની લીલા ચુંટીને નિર્મ્યું સંગ્રહસ્થાન,
તે આ રમ્ય હિંદુસ્તાન **નંદનવન અમારૂં એ.** ૭
કમલ વનમાં રમે ભાનુ કુમુદિનીવૃંદમાં ઇંદુ,
અમરની આ રમણ ભૂમિ **નંદનવન અમારૂં એ.** ૮

સુવર્ણરજ.

જગને પ્રિય કલ્પકતા રૂડી ઉદ્યોગ-પ્રિયતા જ્યાં
સમય ઉદ્યોગમાં ગાળે પ્રભુની સાનુકુળતા ત્યાં ૧
હૃદયનો હોય જો નિર્ધાર તો સિદ્ધિ સમીપે છે
સ્વયત્નોમાં રહે રાચી ગુરુ તેનોજ તે તો છે ૨
ભરૂંસો દેવ પર રાખે પુરો કાયર નમાલો તે
પહેરે બંગડી હાથે કપાળે હાથ દે છે તે ૩
ઉઠાવે કામ નિજ શિરપર ભલે તજવા પડે ઘરજર
મરશે સિદ્ધિને ખાતર કરશે કંઈક પણ તે નર ૪
દીયે કર્તવ્યને જે પીઠ જાએ નર્કની વાટે
ગુમાવે ધર્મ નીતિ તે કદીએ સ્વર્ગ ના ખાટે ૫
હૃદય સાત્વિક છે જેનું પુરૂં કૌવત કમાએ છે
હૃદયથી વાણી ના નીકળે સદાએ ફોક થાએ છે ૬
પૈસાને ગણે જે પ્રાણ હુંડી તેની ના પાકી
તોલે ન્યાય પૈસાથી સ્વર્ગે તેનું ના બાકી ૭
આળસ એક મોજીલું અને બહુ મંદ પંથી છે
ગરીબી ધેરતી તેને ઝપાટે વેગવંતી છે ૮

સદ્‌ગુણ, સુસ્વભાવતણી અનુપમ છે લતા સુંદર
અતિ વિખ્યાત તેનાં ફુલ સદ્‌વર્તન રૂપી મનહર ૯
લીએ જે ઓળખી નિજને એવા સંત દુર્લભ છે
કરવી કોઇની ટીકા અતિએ વાત સુલભ છે ૧૦
તમારી મરજી વશ થાશો ગરીબી હાલ ભોગવશો
હુકમ કુદરતતણાં ઝીલશો અમીરી સુખ ભોગવશો ૧૧
મહાત્માનાં હૃદય નિર્મળ ખરે દર્પણ સમાં રૂડાં
દુઃખી પ્રાણીતણાં પ્રતિબિંબ ભાળીરે, ઉદાસીમાં ૧૩
બનો નિર્દોષ ના પોતે બીજાના દોષ કહેતા ના
વૃથા પુરૂષાર્થ જાએ તો કદી અટકી રહેતા ના ૧૩

રામાયણ-સાર.

સીયાવર રાજપદ ત્યાગે પિતાજીના વચન ખાતર
ગયા વન વલ્કલો ધારી **રીતિ હોતો એવી હો** ૧
તજીને રાજના વૈભવ સીતા સીધાય કંટકવન
થયાં તૈયાર દુઃખ સહેવા **પ્રીતિ હોતો એવી હો** ૨
પ્રજા જન દર્શને ઘેલાં જતાં શ્રી રામ વન પંથે
રૂવે ચોધાર આંસુએ **કાંતિ હોતો એવી હો** ૩
સીતાની શોધ હનુમંતે કુશળતા કષ્ટથી કીધી,
લગાડી આગ લંકાને **મૈત્રી હોતો એવી હો** ૪
સુણી હાકલ દશાનનની અખિલ બ્રહ્માંડ ડગમગતું,
વિંધાયો રામ શરથી તે **શકિત હોતો એવી હો** ૫
તજીને પક્ષ બંધુનો વિભિષણ રામગુણ ગાયે,
ઝુઝયો લંકેશની સાથે **ભકિત હોતો એવી હો** ૬
તજી સીતા સગર્ભા નાર રામે લોકના વચને,
હૃદયને વજ્ર સમ કીધું **નીતિ હોતો એવી હો** ૭
હતી નિજ પ્રાણથી પ્યારી છતાં ત્યાગી જનકસુતા
બની વિહ્વળ ચુકયા ના ધર્મ **શાંતિ હોતો એવી હો** ૮
ગુણભંડાર રઘુનંદન પ્રજા હિતકાર જગરાયા
પુજે જન પ્રેમથી પગલાં **ખ્યાતિ હોતો એવી હો** ૯

કલ્પના દેવીને.

હે દેવી કલ્પના! હું નજરો ઉડાવું જ્યાં જ્યાં,
દેજો તમારાં લોચન, નૂતન નિહાળું ત્યાં ત્યાં. ૧

કરઅંગુલી ગ્રહીને, લઈ જા ગગન પ્રદેશે;
વૈભવ અમર નગરનાં, દાખવ ભરેલ ક્યાં ક્યાં. ૨

તરુ પંખીઓની વાણી, સૃષ્ટિની આત્મકથની;
તુજ સંગથી સરલ તે, સુણાવ રહસ્ય ક્યાં ક્યાં, ૩

નક્ષત્ર, સૂર્યમંડળ, પાતાળ, સ્વર્ગ મૃત્યુ;
એના નિયમની ચાવી દાખવ લગાવી ક્યાં ક્યાં, ૪

અનિરૂદ્ધ કલ્પના! તું તજશે મને લગારે;
આ ભારરૂપ કાયા, લઈને ફરીશ ક્યાં ક્યાં. ૫

તુજ દર્શને દિવાનો, થઈ ઇંદ્રજાળ તોડું;
સંસારની હું બાજી જોઉં, ભુલ્યો છું ક્યાં ક્યાં. ૬

મુજ અંતના સમે, જો આત્મા તને નિહાળે;
તુજ પીઠપર ઉપાડી ઉડજે, "અલેક" જ્યાં જ્યાં. ૭

મુસાફરને.

મુસાફર છોડને અભિમાન, મારી વાત સુણતો જા
ગુમાવી ગાંઠની મુડી ધરીને ધ્યાન સુણતો જા. ૧
દિશાની ભૂલ તેં કીધી છતી આંખે ઠગાયો તું
ભૂલો શાને પડયો ભાઈ! વતનની યાદ કરતો જા ૨
ફરીને ભર બજારે તું બની ચાલાક સોદો કર,
ખરીદી લે ખરૂં મોતી ધુતારાથી તું ડરતો જા, ૩
તને જો ભૂખ લાગે તો સદાએ ક્રોધને ખાજે.
તરશ લાગે તને પંથે શબુરી જામ પીતો જા, ૪
જગત્‌ના તાપ છે વસમા સહન થાશે ન તારાથી
જઈ સત્સંગની છાયા મહીં આરામ કરતો જા. ૫
નદીઓ માર્ગમાં ઘેરે અરે! રોતો નહી અટકી,
તુમડી બાંધ હિંમતની પેલે પાર તરતો જા. ૬
મળે હિંસક પશુઓના તને ખાવા ખુની ટોળાં,
લઈને શૌર્યની સમશેર કાપી પ્રાણ હરતો જા. ૭
ન આવે સંગ આ દુનિયા સદા મૃગજળ સમી એતો
કમાઈ પુણ્યની મુડી અભય પંથે વિચરતો જા. ૮
કરે કાં સ્નાન જળ દેખી મલિન મન રાખીને ભુંડા!
શમદમશૌચના તીર્થોમહીં ચિરકાળ ઠરતો જા. ૯
જગત્‌ને ધુતવા ખાતર કદી બગલા ભગત બન ના,
નહિ એ રીત સંતોની સમાધિધ્યાન ધરતો જા. ૧૦

ભૂખભંજન. (ચૂલો)

હે દેવ ભૂખભંજન ! ગુણ ગાઉં શું હું તારા,
જ્યાં જોઉં ત્યાં તું હાજર ભક્તો બધાય તારાં. ૧
પૃથ્વી–તનય કહાવે છે ધન્ય ભાગ્ય તારૂં,
નીત ઉઠીને પ્રભાતે ચરણે નમંતી દારા. ૨
સન્નારીઓ કરાવે જળસ્નાન શુદ્ધ ભાવે,
પૂજન કરંતી પ્રેમે ઉપકાર જોઈ તારા. ૩
રમણીય કરકમલથી લલના તને લીંપે છે,
ચિરકાળ તારી કાયા કરવા કરે સુધારા. ૪
તું દેવ આ ભુવનનો તુજ ધામ છે સુમંગળ,
દિનરાત તારી સેવા કરતાં જનો બિચારાં. ૫
મુખમાં સદાય અગ્નિ આહારમાં અંગારા,
તાપે તપે તપસ્વી ! ભોજન કરે તું સારાં. ૬
નિજ અંગ દહન થતાંએ કરતો ન તેની પરવા,
કરવા મનુષ્ય રક્ષા તેં તો લીધા ઈજારા. ૭
કદી કાળ ભંગ કરશે તારી પવિત્ર કાયા,
નિજરૂપમાં તું મળશે પરમાર્થ સાધનારા ! ૮
માનવ કુલોની સેવા પ્રાચીન સમયથી કીધી,
અંતિમ સમય સુધી તું ભરશે જીવન અમારાં. ૯
પરમાર્થના નમુના ! જનપ્રિય ભૂખભંજન !
જિન બોધ દે જનોને ગુણગાઉં નીત તારા. ૧૦

કૃષ્ણની બંસી.

અરે ઓ કૃષ્ણની બંસી! સુરીલી મસ્ત દિવાની,
અખિલ જગ તિને ચાહે કહું બંસી કે **દિલજાની**? ૧
ભરી ભરી જામ તેં પાયા લલિત લગનીતણા જગને
કરીને પાન શુધ ભૂલ્યાં કહું બંસી કે **મયદાની**? ૨
પશુ પંખી ચરાચરને ચખાડી સુરની વાની,
કર્યું ગોકુલ તેં ઘેલું કહું બંસી કે **મીજબાની**? ૩
તારા મોહિની મંત્રા અવનિમાં રમણ કરતા,
બનાવી નર: આલમ તેં કહું બંસી કે **મસ્તાની**? ૪
અગમ નિગમતણા સાગર ધરા પર તું ભરે પલમાં
વીણે ગુણરત્ન જ્ઞાનીઓ કહું બંસી કે **ગુણખાની**? ૫
ઉકેલી ના શકે અજ્ઞા નથી એ વૈખરી વાણી,
ઉકેલે દેવકોટિના કહું બંસી કે **સુરવાણી**? ૬
રસિકોની રસિકતાને મધુરસ પાઈ પોષે છે,
મણાવે લ્હેજતો રસની કહું બંસી કે **રસજ્ઞાની**? ૭
સરિતા સાગરો, ઝરણા તરૂવેલી, પશૂપંખી,
નચાવે વિશ્વ આખાને કહું બંસી કે **નટરાણી**? ૮
રમાડે હાથમાં લઈને કનૈયા કુંજમાં પ્રીતે,
કરે ચુંબન તને ઘાડું કહું બંસી કે **પટરાણી**? ૯

વસંતરાણી.

રસિકો ! **વસંતરાણી** દેવા અમોલ લ્હાણી,
આવી સજી કુસુમો દિવ્યાંગના સમાણી. ૧
કોયલ પ્રતિનિધિની પંખીતણી સભાની,
પંચમસુરે સુણાવે **"જય હો વસંતરાણી !"** ૨
"જયહો સદાય સ્વાગત, જય હો કદમ મુબારક,
અભિનંદનો અમારાં લેજો કબૂલી રાણી !" ૩
મહુકાર—મોર—ઝુમખા શા બાલબાલ પોયાં,
ચંપાકળી—કરણફૂલ સજીને સુહાય રાણી. ૪
ગું ગું ગુંજાર ભમરા ! જગના હૃદયકમળ પર,
ઉચરાવ એક બોલે **"લઇએ વસંત માણી"** ૫
જે સ્વર્ગમાં મળે ના પીરસાય એવી વાની,
સામિલ થઈ અનંગે આપી સરસ ઉજાણી. ૬
ચાખી ચખાવી સૌએ થોડી ઘણીયે લહેજત,
થઇ મસ્ત આખી આલમ રસીલી વસંત જાણી ૭
ગોકુલ તણી ગોવાલણુ મદઘેલડી બનીને,
જલસ્નાનકાજ આવી ઝરણે નિહાળી પાણી. ૮

છાયી ઘટા નિકુંજે માનવ ન એક પણ ત્યાં,
આવી કદમતળે તે ઘડુલે ભરંત પાણી ૯
તે અંગવસ્ત્ર કાઢી ઝરણા સમીપ ઉતરે,
એવે નિહાળી નટવર શરમાઈ નાર શાણી ૧૦
જયમ ત્યમ લપેટી સાળુ છુપી કદમની ઓથે,
અર્ધી મિંચેલ આંખે જોતી અઢંગદાણી ૧૧
નજરો નજર મળતાં પળવારમાં ઠરી ગઈ,
આરસ તણી પ્રતિમા સમ શોભતી રૂપાળી ૧૨
ખીલતી કમલકળીની જોડી રમે નયનમાં,
લટ કેશની શી શોભે પંકિત ભ્રમર સમાણી ! ૧૩
મદજોશની ભરેલી ઝંખી રહી કનૈયા
હૃદપાર પ્રેમભારે ઉચરી શકી ન વાણી ૧૪
અહીં ધ્યાન મસ્ત સુંદર શોભી રહી સમાધિ
ઝળકાય પ્રેમ-ભકિત, શાંત સુધા સમાણી ૧૫
નિજભાન ને ભૂલી ગઈ જ્યાં ત્યાં શ્રી કૃષ્ણ ભાળે
એવી અનુપલ્હાણી આપે વસંતરાણી ૧૬

તને કેમ લાજ ના આવે?

ઠગારા નંદના છેયા, ઠગારી મોરલી તારી
હજીએ ઢંગ તેના તે, તને કેમ લાજના આવે ? ૧
કદમથી ઉતરી હેઠે, કઈ ઘડીએ અહીં આવ્યો
પસારે જાગ જાદુની, તને કેમ લાજના આવે ? ૨
સદાનો તું રહ્યો કપટી, ભુલાવીને પડ્યો લપટી.
નથી હું નાર કંઇ નકટી, તને કેમ લાજના આવે ? ૩
કાલિંદી તટે તેં ચીર, ચોર્યાં સહુ સખીઓનાં
અબોલા ત્યારનાં તોએ, તને કેમ લાજના આવે ? ૪
ચોળી કંચુકી મારી, અને આ જરકસી સાડી.
તોડ્યો હાર મોતીનો, તને કેમ લાજ ના આવે ? ૫
સાસુ મારશે મેણાં, મને આ હાર જોઈને
મારો કંથ વહેમાશે, તને કેમ લાજના આવે ? ૬
હું તો લાજવંતી નાર, સાંખી ના શકું એ આળ,
કુવો ઝટ ગોતવો પડશે, તને કેમ લાજના આવે ? ૭
કુંવારી હું હતી જ્યારે, ન પરણ્યો મુજને ત્યારે.
છતી બાજી ગયો હારી, તને કેમ લાજના આવે ? ૮
કદમ, આ મોર, ને યમુના, કરે છે ઠેકડી જોને
થયો શું છેક બેશરમો, તને કેમ લાજના આવે ? ૯
સખીઓ આ ગઇને શરમાઈ, વીણવા મોતીના મિષે.
નજર સંતાડતી નીચે, તને કેમ લાજના આવે ? ૧૦



મદજોશની ભરેલી ઝંખી રહી કનૈયા,
ઉદ્પાર પ્રેમભારે ઉચરી શકી ન વાણી.



અમે ગઇતી યમુના તીર, નાવી હોળી રમવાને,
રંગારો ચીર અણમોલાં, ન મારો રંગ પીચકારી.

[વધુ માટે જુઓ પાનું ૪૯

ન મારો રંગ-પીચકારી.

ન છેડો નંદના લાલા, તમે તો બાળ બ્રહ્મચારી,
અમે ગોકુલની નારી, **ન મારો રંગ-પીચકારી.** ૧

અમે ગઈતી યમુના તીર, નાવી હોળી રમવાને,
રંગાશે ચીર અણમોલાં, **ન મારો રંગ-પીચકારી.** ૨

હતે અમ પાસ પીચકારી, કદી ના હારતે તમથી,
સમો આવે થઈ રહેશે, **ન મારો રંગ-પીચકારી.** ૩

તમારી છળકપટ નિતિ, છુપાવેલી છતી થઈ છે,
પરા રહેજો પજવશો મા, **ન મારો રંગ-પીચકારી.** ૪

તલપે રંગ ઝીલવાને, તમારી રાધિકા પ્યારી,
ભિંજાવો તેમને જઇને, **ન મારો રંગ-પીચકારી.** ૫

તમ શું ખેલવા હોળી, ઘણું મન થાય તોયે શું !
પડી પરવશ અમે કા'ના, **ન મારો રંગ-પીચકારી.** ૬

ભલે પીચકારીઓ મારો, ભરીને પ્રેમ અણનીઠીયો,
અમે ના રંગમાં રાજી, **ન મારો રંગ-પીચકારી.** ૭

કહો તો કુંજ પેલીમાં, અમે આલિંગનો દઈએ,
કહો તો પાય પણ પડીએ, **ન મારો રંગ-પીચકારી.** ૮

ફૂલરાણી.

સુવાળી સુંદરી શોભે સલુણી શ્વેત પુલરાણી?
લીલીમખમલ પથારીએ રમે નાદાન પુલરાણી? ૧
સમીર સંગે રૂડા રંગે સરલ સરલા રમત રમતી,
નહિ નિજ ભૂલીલાનું ભાન ભોળી નાર પુલરાણી? ૨
એવી માતને ખોળે ઝુલે, ગાએ મીઠાં ગાનો,
ન જાણે દુનીઆદારી નિખાલસ નાર પુલરાણી? ૩
વિનોદી વાત સંધ્યાનો ચુમે આલિંગીને પ્રીતે,
ચુકાવા ચુંબનો તેનાં હલાવે મુખ પુલરાણી? ૪
નયન-દિશા નિહાળીને ચપળ સમીરે કહ્યાં વચનો,
"રવિકર-સ્પર્શમાં મોહી મને વિસરાય પુલરાણી?" ૫

* * *

સંધ્યા પણ થઈને સ્વાર રજની ડોલતી આવી,
રવિકર-સ્પર્શ-સુખ જાતાં બની બેચેન પુલરાણી? ૬
નભે ચમકી રહ્યાં ગ્રહગોળ, રજનીનાં નયન વિલોલ,
રૂચેના પેખવા તેને. બની હતઆશ પુલરાણી? ૭
સુતાં ખેતર, સુતાં જંગલ, સુતાં જીવ જંતુઓ સારાં
પતિ વિરહે ન લાગે આંખ રૂવે હાય! પુલરાણી! ૮

રમે ઉદ્યોત કરમાં લઈ કુંજે કુંજ વન દેવી,
ગઈ મધરાત જગ ઉંઘે નિહાળે સ્વપ્ન ફુલરાણી ! ૯
અવી વ્યોમથી ઉતરી સુહાગી પ્રેમની દેવી
કહે, "પતિરાજ તુજ મળશે અધીરી થા ન ફુલરાણી ૧૦
ગઇ અદ્રશ્ય થઈ દેવી, પ્રભાતે સાથીયા પૂર્યાં,
નિહાળી નાચતો વાયુ, છતાં જાગે ન ફુલરાણી ? ૧૧
શ્રમિત તારાગણો પ્રસ્વેદે આકળા થઈ જગે ટપકે,
અહા ! તેથી વળી મૂર્છા! સચેતન થાય ફુલરાણી! ૧૨
છવાયો માંડવો નૂતન દશેદિશ શ્વેત ચન્નીનો,
ગુલાબી ઝુલ પૂર્વે જોઇને મલકાય ફુલરાણી ! ૧૩
ઉડે ચંદોલ આકાશે સુનિશ્ચય લગ્નનો કરવા,
જગત્ જાણ્યું થવા સાજન પરણશે આજ ફુલરાણી ૧૪
પંખી ગાય મંગળ ગીત શરણાઈ સમીર વાયે ?
સતત તાલ દે ઝરણાં બની વરઘેલી ફુલરાણી? ૧૫
રથે ચઢીને રવિ આવ્યો સજી સુવર્ણનો જામો
રૂપેરી ચુંદડી ઓઢી રવિકરસ્હાય ફુલરાણી ? ૧૬

લાગે લગ્ન વરવહુના થજો સાવધ સહુ સાજન ?
ધુમસનો છુટતાં પડદો મળી પતિસંગ ફૂલરાણી ૧૭
મયુરી, કોકિલા, મેના, ફટાણા ગાઈ ગાઈને
ગજાવે માંડવો આખો સુણી હરખાય ફુલરાણી ૧૮
કવિ મનમોદ પામીને કરે અભિષેક અંતરનો:
" ચિરાયુહો, ચિરાયુહો રવિનૃપ સંગ ફુલરાણી " ? ૧૯

સંધ્યા.

અનેરી અસ્તગિરિની કુંજમાં, સોહંત નિજ સ્વામી
નિહાળી પ્રેમથી રવિરાય, સંધ્યા મોદમન પામી ૧
નજર ચોરી જરા જોતી, હસી કંઈ મંદ શરમાતી
કહેતી " પ્રાણ ઓવારૂં પિયુ પ્યારા ગગન ગામી, ૨
પ્રિયાનો પ્રેમ પરખીને કર્યું ચુંબન સવિતાએ,
સતીના ગાલ પર લાલી ખીલી કાંઈ ના રહી ખામી, ૩
વધાવ્યાં દિવ્ય ફુલડાંઓ લીધાં ઓવારણાં હરખે
કહેતી, " એક ચુંબનમાં સકળ પરિતાપ હું વામી, ૪
પતિ પરદેશમાં જાતા સજે સંધ્યા સતી ભગવાં
ગગનની પર્ણકુટિમાં સમાધી પ્રેમની સાધી, ૫

રજની.

ઉઘાડી બારી સંધ્યાની કરે કો ડોકીયું તારા,
ઈશારાથી કહે "આવો રમીશું ખેલ અહીં સારા ૧
લપીને, જોઇને, હસીને ખસેડી તેજનો પડદો,
પ્રવેશી મુગ્ધ બાલીકા પ્રથમ સંધ્યા તણી તારા ૨
"સખી આવો અભય અહીં છે." કહેતાં દોડતી આવી
બીજી ત્રીજી, અરે ! નવ લાખ ! વ્યાપી વ્યોમમાં તારા ૩

* * * * * * * *

ભરપી અસ્ત સાગરમાં ઉછાળે અવનવાં મોજાં,
વીણી વીણી વ્યોમને અર્પે શકે આ રત્નની માળા. ૪
પવન પર સ્વાર થઇ પુષ્પો ઉડયાં શું કલ્પતરૂઓનાં ?
અગર આકાશ ગંગાના ચમકતા દિવ્ય પરપોટા ? ૫
ગગનશ્રીએ સજ્યું શું આ ટિકીની વેલનું અંબર ?
અગર શું સ્વર્ગના ભંડારનાં ચમકી રહયા મોતી ? ૬
અગર રજનીસતી દીપમાળ પ્રગટાવી પતિ સ્મરતી
અગર શું વિશ્વના શિર પર મુગટ હીરાકણીનો એ ? ૭

* * * * * * * *

સંતા કુંકડી આ વિશ્વ રમતું ઘોર અંધારે,
ગગન શ્રી ગોતતી ફરતી લઇ નક્ષત્ર દીપકને ૮

કાળો બુરખો ઓઢી દશે દિશા બની બાહુક,
ગગનશ્રીને કરી ભયભીત અંતે હાર ખવરાવી, ૯
ગગનશ્રીએ તિમિરનું શાપ દઈ કાળું વદન કીધું, ૧૦

હાશ! લાડકડી!

અમારી જાત અબળાની વિધિને ત્યાંય લાડકડી,
ઘડી છે લાડમાં ને લાડમાં અમ કાય લાડકડી ૧
કરવા લાડકી જગમાં ઘડી સૌંદર્ય ચુંટીને,
સમય નવરાશનો સાધી કળા અજમાવી લાડકડી ૨ ૨
લાડે ચંદ્રવદની કહી કવિ કો મુખકમળ કહીને,
કમળનયના કહી લાડે અમે તો નાર લાડકડી, ૩
અમે ના હોત અવનિમાં હતે શૃંગાર રસ શાનો?
રસીકસંસાર કરવાને કહે સૌ કોઈ લાડકડી. ૪
અમે સૃષ્ટિતણી જનની અમે કુદરત અમે માયા,
ખિતાબો એ અમે પામ્યાં કહે ના કોણ લાડકડી. ૫
અમારા નયનઅમૃત–પાનમાં મુસ્તાક થઈ થઈને,
અલખ બસ પ્રેમનો જગવે લઈને નામ લાડકડી. ૬
પુરવા લાડ ગોપીના કનૈયા રાસમાં રમતા,
કહો કયમ ધન્યના કહેશો અમારી જાત લાડકડી. ૭

રસિકોએ અમારી તો રચી રસબોળ રસકથની,
વિયોગો કો ઘરે કફની, મરે લઈ નામ લાડકડી ૮
નખશીખ લે મઢી અમને અલંકારે પ્રીયુ પ્રેમી.
કહે મલકાવીને મુખડું હું તો કુરબાન લાડકડી. ૯
અમે નમીએ રસીલાને રસીલાઓ નમે અમને,
ચડીએ પ્રેમ-હિંડોળે કહેતાં નાર લાડકડી. ૧૦
અમારી વાણીમાં ફુલડાં ખરે પગલે પડે મોતી
વીણી રસીયા સજી તે હાર કહેતા હાશ લાડકડી ૧૧

ચટપટી.

કરે આ કાગડીની પંચ કા, કા, કા, હૃદય-બાગે.
બિચારા પોપટો ને મોર કોયલ સૌ સુણી ભાગે, ૧
દુખે શિર, શાંતિ લય પામી ચડયું છે ચિત ચકડોળે
ડુબ્યું મન દુઃખ દરીઆમાં રૂદન કરતુ મને લાગે ૨
દીસેના સૂર્ય ઉડતા હૃદય-આકાશમાં કાગો.
હૃદય કમળે બિડાયું છે, ગ્રહણ લાગ્યુ મને લાગે ૩
તિમિરની શી ઝડી લાગી છવાયો કંપ રોમોમાં,
ભરાયા અશ્રુના સાગર પ્રલયનો કાળ એ લાગે, ૪

ફરી ચંચુ પ્રહારે ઘા હૃદયને હાય ? ચીરે છે,
હૃદયને ફોલીને તે શુન્યવત કરશે મને લાગે. ૫
વદન પર ને બદન પર જો છવાયો કાગ–રંગ કાળો'
ખરે સૌ ચટપટી તો કાગડીની પંચ મન લાગે ૬

લાડકડી

પજવશો ના મને કોઈ હું અબળા જાત લાડકડી,
દુભવશો ના કટુ વચને હું કોમળ નાર લાડકડી. ૧
નથી કંઈ વહી જતાં દશમાર મારાં માવતરને બાળ,
હું તો આંધળાની આંખ હૈયા હીર લાડકડી. ૨
મેણાં મારશો મુજને જખમમાં હું મરીશ તેના,
તમને તો બીજી મળશે ખુએ મા બાપ લાડકડી. ૩
મોતીના અલંકારો અગર પુલો તણી શય્યા',
અકારાં વ્હાલ વીણ લાગે હું પ્રેમાધીન લાડકડી. ૪
તમારાં ભાવવિણ ભોજન કડવાં ઝેર લાગે છે,
સુકા પણ પ્રેમના ટુકડે ગણું આનંદ લાડકડી. ૫
નહોતી સિંચવી ત્યારે કહો શીદ આર્ણીને રોપી !
સુકાઉં પ્રેમ–જળ વિના હું અબળા–વેલ લાડકડી. ૬
ન શીખવી આવડે કોને કદાપિ પ્રીતની રીતિ,
સમુદ્રો પ્રેમના ઉભરાય ત્યાં રક્ષાય લાડકડી. ૭

પરણીને પિડાવાનું.

કુંવારા કાળમાં ગમતું, પરણીને રિઝાવાનું
પછી તો નીત ચમચમતું, **પરણીને પિડાવાનું** ૧
હૈયાનું વધ્યું હળદર, થયાં અર્ધો દઝન પુરાં
બધાં કાજે રળું હું એક, **પરણીને પિડાવાનું** ૨
કોઈ માગતું માવો નહીં, કે. માગતું મંજા
કોઈ માગતું સુરવાલ, **પરણીને પિડાવાનું** ૩
ઘડાવું સાંકળા ત્યારે, કરકસા માગતી કંઠી
પછીતો બંગડી માગે, **પરણીને પિડાવાનું** ૪
ઉઠી નીત રોજ તે વઢતી, સુતા પણ ખુબ ઉકળતી
સ્વપ્નામાંય બડબડતી, **પરણીને પિડાવાનું.** ૫
ન ભાળ્યું ઉજળું મોઢું, ચઢાવ્યો તોબરો જાણે
મરણ સારૂં મને એથી, **પરણીને પિડાવાનું.** ૬
સગાં મારાં કદી આવે, થતી રાતી પીળી રંડા
કહાડે રોષ વાસણ પર, **પરણીને પિડાવાનું.** ૭
અફાળે છોકરાં ભોંયે, ચુંટીદે તાણી તાણીને
રડારોળે ગજાવે પોળ, **પરણીને પિડાવાનું** ૮
પછી તો પોટલી બાંધી, પિયર તેને વળાવી મેં
હવે હું ના કદી માગીશ, **પરણીને પિડાવાનું** ૯
પરણવામાં મળે એ સુખ, તો હું હાથ જોડું છું
ભલું વાંઢાપણું એથી, **પરણીને પિડાવાનું.** ૧૦

છતાં માને નહિ મુરખો.

હું પદમાં ભાન ભૂલી જાય, માયાનો સજી ભુરખો
ખમે ઠોકર પુટે માથું, છતાં માને નહિ મુરખો ૧
કહો સવળું ગણે અવળું મતિ એની ઉંધી લટકે
ઘરેઘર શ્વાન સમ ભટકે છતાં માને નહિ મુરખો ૨
ભલાના બોલ બે કહેતાજ માથાવાઢ તે લાગે,
પછી પસ્તાય તે પુરો છતાં માને નહિ મુરખો ૩
ભલાની આ નથી દુનીઆ વધુ કહેતાં વધે વાદે,
નડે નવગ્રહની ગોડે છતાં માને નહિ મુરખો. ૪
ભુંડેરા ભોગ ભાળીને ભમે ભ્રમણા મહીં ભૂંડા,
કરે ઘર રાજરોગ તણું છતાં માને નહિ મુરખો ૫
બળતા ઘરમહીં દોડે તજે છે પ્રાણ ધન સાટે,
"મરતા મોહતજ" કહીએ છતાં માને નહિ મુરખો ૬
વિષને માનીને અમૃત રહે છે મસ્તમન પાણી,
છતું અમૃત ધરો સામે છતાં માને નહિ મુરખો ૭
જ્ઞાનીની પુરવ દિશા ગણે એ નીત આથમણી.
કહો એ મેળ કયાં બેસે? છતાં માને નહિ મુરખો ૮
ગાડરીઆપ્રવાહે જાય મુરખા કસાઈ વાડે
મહાજન આવતા આડે છતાં માને નહિ મુરખો. ૯
અજ્ઞાની સુખે સમજે વધુ અજ્ઞાની તો સહેજે;
દુર્વિદ્ગ્ધને અજ કહે છતાં માને નહિ મુરખો ૧૦

પુરો પંડીત તે લાગે.

હતો બ્રાહ્મણ મહાજ્ઞાની વસ્યાંતા વેદ જિહ્વાગ્રે,
પ્રસરી સ્હૌ હતી ખ્યાતી, પુરો પંડીત તે લાગે ૧
શીખાવે "આત્મવત્ સર્વભૂતેષુ" પાઠ શિષ્યોને,
ન તે વર્તન મહીં જોયું પુરો પંડીત તે લાગે ૨
અતિ વરસાદની ઝડીમાં અજા ઘુસી ગઈ ઘરમાં,
ભરાયો ક્રોધ બ્રાહ્મણમાં પુરો પંડીત તે લાગે! ૩
અજા ધૂજે અતિ ઠંડે છતાં મારતો ડંડે,
પડાવે બૂમ બેં બેં બેં પુરો પંડીત તે લાગે! ૪
બકરી દોડતાં ઘરમાં ફુટી ગઇ પાણીની ગોળી,
પકડી બે પગો પટકી પુરો પંડીત તે લાગે! ૫
અંતે મારી મારીને કરી મુકી પગે લૂલી,
ભગાડી પુર હેલીમાં પુરો પંડીત તે લાગે! ૬
ઘુસી ગઈ આવી ઝટ મુજ ઘેર ખાવા મેં દીધું થુલુ,
ખાતાં 'બે' કરી બોલી:—"પુરો પંડીત તે લાગે"! ૭
અરેરે! વાણીને વર્તન મહીં શું આવડું અંતર?
મને ચંડાળની પ્રતિમા પુરો પંડીત તે લાગે ૮

છઈએ સહોદર આપણે.

સરજ્યાં વિભુએ માનવી, તે સૌ સહોદર આપણાં,
કરી ગાઢ પ્રેમે પરસ્પરે, સૌ એક થઈએ આપણે ૧
આ ઉચ્ચ માનવમાર્ગ, માનવધર્મ, ને સત્કર્મથી,
હેઠે પડયાં ઉઠાડીએ, **છઈએ સહોદર આપણે** ૨
કઇ કઈ દુરાચારે ચડી, ઘસડાઇ જતાં રંક આ,
એ બુડતાંને તારીએ **છઇએ સહોદર આપણે** ૩
ચઢવા મથે કો બાપડાં, નાધાર થઇ નીચે પડે,
લો હાથ તેનો સાહીએ, **છઈએ સહોદર આપણે** ૪
જાગ્યું બધું જગ, ને મહા ઉદ્યોગમાં મંડી પડયું,
તો એદીને ઢંઢોળીએ, **છઈએ સહોદર આપણે.** ૫
જગમાં મચ્યો મહાશોર, જીવનનો પ્રબળ સંગ્રામ આ,
આ બધિરને સંભળાવીએ, **છઈએ સહોદર આપણે.** ૬
કંટક ભર્યા ખાડા અને ટિંબા મુશીબત માર્ગમાં,
નહિ દેખતાંને દોરીએ **છઈએ સહોદર આપણે.** ૭
જગ ને જીવન સુકું જુએ, ઉર્મિ અને ઉત્સાહના,
આશા–અમી ત્યાં સીંચીએ, **છઇએ સહોદર આપણે** ૮
આ જાતથી તે જન્મથી મહા બંધને બાંધ્યાં રહ્યાં,
એ ગાઢ બંધન તોડીએ, **છઇએ સહોદર આપણે.** ૯

જુનાં પડળની ના જુવે, કર્તવ્ય માનવ જાતનું,
ત્યાં દિવ્ય અંજન આંજીએ, છઈએ સહોદર આપણે. ૧૦
આનંદને ઉત્સાહ જીવનમાં ભરી ભરપૂર, ને
મીઠું જીવન બતલાવીએ, છઇએ સહોદર આપણે. ૧૧
નવવલ્લિકાની વેલ ચાહે જો અશોકે લપટવા,
શીઘ્ર બાવળે વળગાડીએ છઇએ સહોદર આપણે, ૧૨
મોંઘા મૂલો વિધવિધગુણે ફૂલડાં ખીલેલાં વાડીએ,
સાંભળી ઐકય ગુંથાવીએ છઇએ સહોદર આપણે ૧૩
છે "દયા ધર્મનું મુલ" ને "સૌ આત્મવત્ છે પ્રાણીઆં
એ મંત્ર ઉર ઉતારીએ, છઇએ સહોદર આપણે, ૧૪
ફળવંત કોનું કલ્પદ્રુપ જોઇ નહિ મન બાળીએ,
જઈ મૂળમાં જલ સીંચીએ, છઇએ સહોદર આપણે ૧૫
વસુંધરાનાં રત્ન અંધારે પડયાંને ખોળીએ,
ખરી ખંતથી અજવાળીએ, છઇએ સહોદર આપણે ૧૬
ગુણવંત ગવરી ગાયના પયપાન કરતાં વાછરૂ,
રે રે ! કદી ન વછોડીએ, છઈએ સહોદર આપણે ૧૭
ઉંડી અનેરી રત્નવંતી જ્ઞાનખાણ્ ખણાવીએ,
દો દાન દીનતા દાટવા, છઈએ સહોદર આપણે ૧૮
આચાર ને વિચાર કેરી, સૌમ્ય સૃષ્ટિ સમજાવીએ,
સ્વર્ગીય નાદ ગજાવીએ, છઇએ સહોદર આપણે. ૧૯

મનનાં નીર ના ઢોળો.

ઘડીમાં આ ભણી ઢોળો, ઘડીમાં તે ભણી ઢોળો,
બનીને છેક બે દરકાર મનનાં નીર ના ઢોળો. ૧

જશે થઈ ક્ષીણ તે ઝરણું રણોની તપ્ત વેળુમાં,
અરે ! અદૃશ્ય થઈ જાશે, મનનાં નીર ના ઢોળો ૨

દિને દિલ લો કરી સંચય, પળે પળ શાંતતા સાધો
કદાપિ ખળભળાવી તેહ મનનાં નીર ના ઢોળો, ૩

તરંગો મૂર્ખતાવાળા કરી મન ના કરો મેલું,
રાખી સ્થિર મન વામો, મનનાં નીર ના ઢોળો. ૪

નથી દુષ્પ્રાપ્ય કો વસ્તુ જગતમાં શાંતિને સારૂ,
સુલભ છે સાનુકુળ કુદરત, મનનાં નીર ના ઢોળો ૫

વસશે દિવ્ય અસ્તિત્વ પ્રભાવોનાં કિરણવાળુ,
અહા ! તે રમ્ય નુરનિદાન, મનનાં નીર ના ઢોળો, ૬

કરો નીર નિર્મળા મનનાં ઝલક જો જો ઉઠે છે શી
તમારૂં ન્યાહાળો પ્રતિબિંબ, મનનાં નીર ના ઢોળો. ૭

સકલ સૃષ્ટિતણી શોભા સહજ અવલોકશો તેમાં,
સમે તે શાંતિ પદ લેશો, મનનાં નીર ના ઢોળો. ૮

ખગ, મૃગ સિંહ આદિસૌ તૃષા સંતોખશે નિજની,
નમશે પ્રેમે પાયપણ આવી મનનાં નીર ના ઢોળો. ૯

નૂતન વર્ષાભિનંદન.

(મ્હેમાન થયા તમે મ્હારા)

આ નૂતન વર્ષની માલા, શણગારશો ગુણવંતા
અમસ્નેહ કુસુમની માલા સ્વીકારશો ગુણવંતા ટેક

વીણી માલતી ચંપક કળીઓ, મહીં ગુલાબ ભેળો ભળીગો
લઇ તાર ગુંથેલી માલા શણગારશો ગુણવંતા, ૧

કંઇ વર્ષ ગયાં સંસારે, એક વર્ષ વધે અત્યારે,
એ સંવત્સરની માલા, શણગારશો ગુણવંતા, ૨

મલયાચલ વાયુ શીતલ સુગંધીત વહે મહીતલ.
તે સમિર તરંગની માલા, શણગારશો ગુણવંતા. ૩

સહુ સૂર્ય ઉદયના કિરણો, વિધવિધ ભર્યા મહીં વર્ણો,
તે રત્નકિરણની માલા, શણગારશો ગુણવંતા. ૪

શુભદાન, માન, યશ, વિદ્યા, પરમારથ, ભકિત લજ્જા,
એ સર્વ ગુણોની માલ, શણગારશો ગુણવંતા. ૫

જે દિવ્ય ભર્યા આકાશે, નવનિધતણાં ચોપાસે
તે દિવ્યમણિની માલા, શણગારશો ગુણવંતા. ૬

પ્રતિજ્ઞા હો તો એવી હો. !

અરે ઓ હિંદના બંદા. પ્રતિજ્ઞા લો તો એવી લો ?
છુટેના પ્રાણ જાતાંએ, પ્રતિજ્ઞા હો તો એવી હો ? ૧

બંધુ. પ્રેમને કાજે રડાવી, માત કૈકેયી
ભરત હે રાજપદ ત્યાગી, પ્રતિજ્ઞા હો તો એવી હો ? ૨

દ્રોણાચાર્ય ટેકીએ, દ્રુપદનું તોડવા અભિમાન.
બતાવ્યો હાથ શિષ્યોનો, પ્રતિજ્ઞા હો તો એવી હો ? ૩

વરાવી મત્સ્યગંધાને પિતાસંગ ભિષ્મપિતાએ.
અડગ બ્રહ્મચર્ય વ્રત પાળ્યું, પ્રતિજ્ઞા હો તે એવી હો ? ૪

શિખાબંધન દીધું છોડી, સુણી અપમાન ચાણાકયે
નંદનવંશ જડ બાળી, પ્રતિજ્ઞા હો તો એવી હો ? ૫

કટુ વચનો દુઃશાસનનાં સુણીને દ્રૌપદી લાજી.
રુધિર પીધું ભીમે રણમાં, પ્રતિજ્ઞા હો તો એવી હો ? ૬

કર્યું વ્હાલું ન રાજ્યાસન, દીધું છોડી હરિચંદ્રે.
કરી ચંડાળની સેવા, પ્રતિજ્ઞા હો તો એવી હો ? ૭

પ્રતાપે શિરને સાટે, ન છોડયું લેશ પ્રિય સ્વમાન.
તૃણની પાથરી શય્યા, પ્રતિજ્ઞા હો તો એવી હો ? ૮

રંગમાં ભંગ



નિર્લજ મુદ્રા મ્લાન-મુખ કંપિત કાય જણાય છે.
ધિક્ ચરણ! ચમત્કાર રંગે અશુભ કેવાં થાય છે.

[illegible]

પ્રકાશક --ગુજરાતી સાહિત્ય મંદિર.

ભાગાતળાવ - સુરત.

જેતકી આર્ટ પ્રીન્ટીંગ [illegible]